

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય


પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

પુસ્તક ૫૪
અંક ૮

જેઠ
સં. ૨૦૧૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. કેવી ઇચ્છા કરવી? | (શ્રી મણિરત્ન) | ૧૧૩ |
| ૨. સત્સંગતિનું ગીત | (અભ્યાસી) | ૧૧૪ |
| ૩. યોગી શ્રી આનંદઘન :: એક પદ | (જગદીશ મ. મહેતા) | ૧૧૫ |
| ૪. જૈન સંસ્કૃતિ | (અનુ. ઇંદુમતી ગુલાબચંદ શાહ) | ૧૧૯ |
| ૫. ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન | (મોહનલાલ દી. ચોકસી) | ૧૨૩ |
| ૬ સ્વાશ્રયી બનો | (અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ) | ૧૨૬ |
| ૭. શ્રી આત્મારામજીકૃત સત્તરભેદી પૂજા | (પં. રામવિજયજી ગણિ) | ૧૨૮ |
| ૮. પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો | (શ્રી હીરાલાલ ર. કાપડિયા) | ૧૨૯ |
| ૯. આબૂ તીર્થ | (મુનિરાજશ્રી દર્શનવિજયજી ત્રિપુટી) | ૧૩૩ |

## વર્તમાન-સમાચાર

### વાર્ષિક—મહોત્સવ

આપણી સભાનો એકસઠમો વાર્ષિક મહોત્સવ જેઠ શુદિ ૨ ને શુક્રવારે તા. ૩૧-૫ ૭૫ના રોજ શ્રી તાલધ્વજ ગિરિરાજ ઉપર ભાવનગરનિવાસી વોરા હઠીસંગ ઝવેરભાઈ તરફથી મળેલ આર્થિક સહાયતા તથા તેમના ધર્મપત્ની ડુમકોર બહેને આપવાના રકમના વ્યાજવડે ઉજવવામાં આવેલ. જે સમયે સવારમાં ગિરિરાજ ઉપર સંગીત સાથે પૂજા ભણાવવામાં આવેલ તેમજ બપોરના સભાસદ બંધુઓનું પ્રીતિ ભોજન યોજવામાં આવેલ. આ શુભ પ્રસંગે સભાસદ બંધુઓએ સારી સંખ્યામાં લાભ લીધેલ.

### કોન્ફરંસનું વીસમું અધિવેશન

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસનું વીસમું અધિવેશન જુનની ૧૪,૧૫ અને ૧૬ તારીખોના દિવસોમાં મળનાર હતું પરંતુ મુંબાઈ અને પરાઓમાં ઇન્ફ્લુએન્ઝાનો રોગ વ્યાપક બની ગયો હોવાથી કાર્યવાહી સમિતિએ વિચારણા કરીને હવે તે અધિવેશન તા. ૨૯ મી, ૩૦ મી જુન અને ૧ લી જુલાઇના રોજ મેળવવામાં આવશે. આ અધિવેશનમાં અગત્યના કાર્યો થવાની ગણત્રી હોવાથી જેમ બને તેમ વિશેષ સંખ્યામાં તેનો લાભ લેવાય તે ઇચ્છનીય છે.

### સન્માન—સમારોહ

પંડિત સુખલાલજીના સન્માન અંગેનો એક મેળાવડો ભારતના ઉપરાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધા-કૃષ્ણનના પ્રમુખપદે તા. ૧૫ મી જુનના રોજ મુંબઈખાતે યુનિવરસીટીના કોન્વોકેશન હોલમાં યોજવામાં આવેલ, જે સમયે પંડિતજીની સાહિત્યોપાસનાના ગુણગાન કરી. તેમને સન્માન થેલી અર્પણ કરવામાં આવેલ. આ સમયે પંડિતજીના હિંદી તેમજ ગુજરાતી લેખોના સંગ્રહ "**દર્શન અને ચિંતન**"ના નામે પ્રકાશિત કરવામાં આવેલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમતી પ્રભાવતીબ્હેન હરખચંદ ગાંધી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીમતી પ્રભાવતીબહેન હરખચંદ ગાંધી

ધાર્મિક ઊંડા સંસ્કાર અને મીલનસાર સ્વભાવથી પોતાના સમસ્ત ગૃહજીવનને ધન્ય કરી રહેલ શ્રી પ્રભાવતીબેન આપણા શ્રાવિકા સમાજના એક પ્રભાવશાળી મૂંગા સેવિકા છે.

મહુવા પાસેના ભાદ્રોડ ગામમાં સં. ૧૯૮૨ના વૈશાક સુ. ૩, અક્ષય તૃતીયાના શુભ દિને શ્રી હઠીસંગ ડુંગરશીને ત્યાં શ્રી ચંદનબેનની કુક્ષીએ એમનો જન્મ થયો, અને સં. ૨૦૦૫માં મહુવાના ઉદારદિલ નરરત્ન શ્રી હરખચંદ વીરચંદ ગાંધી સાથે લગ્નગ્રંથીથી તેઓ જોડાયા.

પિતૃગૃહે તેઓ સામાન્ય સંયોગોમાં ઉછર્યા હતા, એમ છતાં ઉચ્ચ સંસ્કારોથી તેમનું વ્યક્તિત્વ અનોખા રંગે રંગાયું હતું.

પોતાના પતિ હરખચંદભાઈ શુભ પુણ્યોદયે ઠીક ઠીક લક્ષ્મી મેળવી અને પ્રાપ્ત થએલ લક્ષ્મીનો ઉદાર દિલથી શુભ વ્યય કરી જીવનની સુવાસ પાથરી રહ્યા છે ત્યારે આ શુભ કાર્યોની પ્રેરણા કરવામાં શ્રી પ્રભાવતી બેનની લાગણી ઓછી કારણભૂત નથી. શ્રી હરખચંદભાઇના અનેક શુભ કાર્યોમાં શ્રી પ્રભાવતી બેનની પ્રેરણા અને સંપૂર્ણ સહયોગ હંમેશા અનેરો ઉત્સાહ જન્માવતા જ હોય છે.

પહેલી જ દૃષ્ટિએ જેમના ઉચ્ચ વ્યક્તિત્વ માટે માન પેદા થાય તેવું પ્રભાવતીબેનનું પ્રતિભાશાળી સદાનંદી માયાળુ વ્યક્તિત્વ, સાદાઇ, સરળતા અને ભાવભર્યા આતિથ્ય ભાવ માટે જરૂર માન ઉપજ્યા વગર નહિ રહે.

તેમનો વ્યવહારિક અભ્યાસ પાંચ–છ ધોરણ અને ધાર્મિક પાંચ પ્રતિક્રમણ પૂરતો છે, પરંતુ સાધુ સાધ્વીના ભક્તિ અને ધાર્મિક શુભ કાર્યોમાં તેઓ જે રસ લઈ રહ્યા છે તે જોતાં ધાર્મિક અભ્યાસ તેમના જીવનમાં પરિણમ્યો છે તેમ આપણને જરૂર લાગે.

તંદુરસ્ત દેહ, સંસ્કારી પાંચ સંતાનરત્નો ( બે પુત્ર–ત્રણ પુત્રી ), સુપ્રમાણમાં ધનસંપત્તિ અને સુલક્ષણી ગૃહ–જીવન આમ સુખી જીવનના ચારે સુખના યોગ આ દંપતીને સાંપડ્યા છે તેમ દાન, શિયળ, તપ અને ભાવથી ઉભયનું જીવન એવું જ સુસાંસ્કૃતિક બની રહ્યું છે.

શિક્ષણ અને ધાર્મિક સંસ્કારના તેઓ ખાસ હિમાયતી છે. અને આવા ક્ષેત્રોમાં તેઓ મૂંગી સેવા હંમેશા આપતા રહે છે તેમ સુયોગ્ય સખાવત પણ કરતા રહે છે. મુંબઇની શકુંતલા કાન્તિલાલ ગર્લ હાઇસ્કૂલ, જૈન મહિલા સમાજ અને નાની–મોટી સંસ્થાઓમાં પેટ્રન કે સભ્ય તરીકે જોડાઇ તેઓ બનતી સેવા બજાવી રહ્યા છે.

પોતાના જીવન–સુવાસની સંસ્કારી વેલ આમ હંમેશા વધુ ને વધુ પાંગરતી રહે અને ઉભયનું જીવન અનેકવિધ શુભ પ્રવૃત્તિઓથી ખૂબ સુવાસિત બને એ જ શુભેચ્છા.

શ્રી પ્રભાવતી બેન આ સભાના માનવંતા પેટ્રન થયા છે એ તેઓશ્રીના દિલમાં સાહિત્ય અને શિક્ષણ પ્રત્યે પ્રેમભાવ ભર્યો છે તેની પ્રતીતિકારક છે. તેઓશ્રીના સહકારથી સભા પોતાના મનોરથો પાર પાડવામાં સફળતા મેળવે એ જ મહેચ્છા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૪ મું ] સં. ૨૦૧૩ : જેઠ [ અંક ૮

# કેવી ઈચ્છા કરવી ?

આપણે બધા-દરેકે દરેક માનવ-આવી આવી ઈચ્છાઓ જરૂર રાખીએ છીએ કે મારું ઘર સ્વચ્છ રહે, મારા ઘરના બધા માણસો સહનશીલ અને એકબીજા પ્રત્યે મમતાવાળા અને પ્રીતિયુક્ત બને, મારી પોળ અને મહોલ્લાના સભ્યો પરસ્પર સહાનુભૂતિવાળા અને અરસ-પરસ મદદ કરનારા બને, નગરજનો શાંતિ ચાહનારા અને સંપીલા બને, દેશ પ્રગતિ કરનારો અને સુખસમૃદ્ધિ વધારનારો બને અને દુનિયાના બધા મનુષ્યો દોષરહિત જીવન જીવનારા, સુખી અને નીરોગી બને.

પણ આ બધી ઇચ્છાઓને સફળ કરનારી એક પ્રબલ ઇચ્છા કરવાની આપણે મોટે ભાગે ભૂલી જઇએ છીએ, જે મહત્વની ઇચ્છા, ઉપરની બધી ઇચ્છાઓ કરતાં, વહેલી સફળ થાય તેવી છે, સુગમ છે, સ્વાધીન છે અને સપાટાબંધ સિદ્ધિ આપનારી છે.

આ ઇચ્છા એવા પ્રકારની છે કે– 'હું પોતે સુધરું' કોઇ પણ દોષને હું સેવું નહિ, હું કોઇને ય કનડનારો ન બનું, કોઇનું ય અનીતિથી લૂંટનારો ન બનું, કોઇની ય સાથે ક્રોધ, કજિયા-કંકાસ કરનારો ન બનું, કોઇને ય છળપ્રપંચથી છેતરનારો ન બનું, કોઈના ય પ્રત્યે ખરાબ દૃષ્ટિથી જોનારો ન બનું, કોઇનોય અવર્ણવાદ–નિંદા–કુથલી કરનારો ન બનું, કોઇના ય કલ્યાણમાં વિઘ્ન નાખનારો ન બનું, કોઇનું ય અહિત કરનારો ન બનું.

શ્રી મણિરત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સત્સંગતિનું ગીત

## ગીતિ

સંગતિ સજ્જન કેરી, કહો ઉન્નત કરનારી નહિ કોને ?
જ્યાં ત્યાંથી ગંગામાં આવ્યા, જળ પણ વન્દ્ય જ દેવોને.

## હરિગીત

મેળાપ મોટા જનતણો મોટા બનાવે સર્વને,
ધારે કમળ જળબિન્દુઓ મુક્તાફળોના ગર્વને;
ઉન્નત કરે છે સર્વને સહવાસ સજ્જનનો સદા,
જગખ્યાત શંખ પવિત્ર છે હરિ હસ્તમાં આવ્યો યદા.
ઈન્ધન બને ચંદન યથા લઈ ગંધ મલયાચલ તણો,
દુર્જન બને સજ્જન તથા લઈ અંશ સજ્જન મનતણો,
સત્સંગતિ દાતાર છે પદ ઉચ્ચની એ તુચ્છને,
અમ્બુ તણા બિન્દુ જુઓ શુક્તા વિષે મુક્તા બને.
છે શીતળ ચંદન જગ વિષે, વળી અધિક એહથી ચંદ્રમા,
પણ યે ઉભયથી શીતળતા છે અધિક સાધુસંગમાં.
સાધુતણાં દર્શન ચરિત્ર પવિત્ર અદકાં તીર્થથી,
ફળદાયી થાયે તીર્થકાળે સાધુ સંગમ તર્તથી;
થાયે મતિ બહુ હીન જનની, સંગ હીનતણા વડે,
સમ સંગ પામી સમ બને, લઈ શ્રેષ્ઠ પદ શ્રેષ્ઠે અડે;
વિદ્વાન સંગે નીપજે નિસ્તેજ પણ તેજોનિધિ,
મળ છેદનારા ફળથકી જળ મલિન નિર્મળ છે નકી,
સજ્જનતણા શીર પર ચડે કીટ તે સુમનના સંગથી,
દેવત્વ પામે દૃશદ તે પણ અધિક સંત પ્રયત્નથી;
વળી કાચ મરકતની દ્યુતિ પામે પ્રતાપે હેમને,
તેમજ સજ્જન સંગથી મતિમંદ શ્રેષ્ઠ મને બને;
સંસર્ગ સત્પુરુષોતણો સુખ સકલનું સામ્રાજ્ય છે,
થઇ વિમુખ આગળ ચાલશો તો દુર્જનોનું રાજ્ય છે;
એ દુઃખદ દાવાનળ તણાં રાજ્યે પડ્યા તો તો પડ્યા;
વિણ ઉદ્ધર્યા, વિણ સુધર્યા, વહ્યું જશે આયુ વૃથા.
સમજી વિચારો ઉચ્ચ ભાવો તુચ્છ નાવો છોડીને,
સત્સંગ પ્રવહણથી તરો યા વિકટ ભવ મન જોડીને;
અસમાન એ નૌકા અહિં, વિમાન અસમાને સહી,
છે દુઃખત્રાતા, સુખવિધાતા, મોક્ષદાતા જગમહી.

અભ્યાસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# યોગી શ્રી આનંદઘન : એક પદ

લેખક : શ્રીયુત જગદીશ મ. મહેતા

નિશાની કહાં બતાવું રે તેરો અગમ અગોચર રૂપ……નિશાની

રૂપી કહું તો કછું નહિ રે બંધે કૈસે અરૂપ;
રૂપારૂપી જો કહું પ્યારે ઐસ ન સિદ્ધ અનૂપ……નિશાની.

સિદ્ધ સરૂપી જો કહું રે બંધ ન મોક્ષ વિચાર;
ન ઘટે સંસારી દશા પ્યારે પુન્ય પાપ અવતાર……નિશાની

સિદ્ધ સનાતન જો કહું રે ઉપજે વિણસે કોણ ?
ઉપજે વિણસે કહું પ્યારે નિત્ય અબાધિત ગૌન……નિશાની

સર્વાંગી સબ નય ધણી રે માને સબ પરમાન;
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે કરે લરાઇ ઠાન……નિશાની

અનુભવ અગોચર વસ્તુ કો રે જાણવો વહ ઇલાજ;
કહન સુનનકો કછું નહિ પ્યારે આનંદઘન મહારાજ……નિશાની

ચોથા પદમાં શ્રી આનંદઘન કહે છે કે પ્રમાણ-જ્ઞાન સર્વ નયનાં રૂપને ગ્રહણ કરનાર હોવાથી અને તેમાં સર્વ ધર્મોનું જ્ઞાતાપણું હોવાથી તે બહુ જ ઉપયોગી જ્ઞાન છે. જ્યારે નયપક્ષ છોડી પ્રમાણપક્ષ ઉપર આવી જવાય ત્યારે સર્વ લડાઇ બંધ થઇ જાય છે. **सकलधर्मग्राहकम् प्रमाणम्** તથા **स्वपरव्यवसायी ज्ञानं प्रमाणं**– એટલે કે સર્વ અંશોનાં જ્ઞાનને ગ્રહણ કરી સર્વ દિશાથી અમુક વસ્તુ તરફ જોઇ શકે તેને પ્રમાણજ્ઞાન કહેવાય છે. પ્રમાણ શબ્દનાં નિર્વચનમાં પ્રમાણનું લક્ષણ આવી જાય છે. જેમકેઃ–**प्रमीयतेऽनेन इति प्रमाणम्**–જેનાથી પ્રમા એટલે સ્મૃતિભિન્ન યથાર્થજ્ઞાન થઇ શકે તે પ્રમાણ. સત્યજ્ઞાનનું જે અસાધારણ કારણ તે પણ પ્રમાણ કહેવાય છે. **प्रमाकरणं प्रमाणम्** ।

નયનું શું લક્ષણ છે તેનો જરા વિશેષ વિચાર કરીએ. વસ્તુમાં અનેક ધર્મો છે તેમાં એકની મુખ્યતા કરી દેવી અને બીજા ધર્મોનો અપલાપ પણ ન કરવો તેમ ગ્રહણ પણ ન કરવા એને નય કહે છે. **अनंतधर्मात्मके वस्तुन्येकधर्मोन्नयनं ज्ञानं नयः** । આ નય જ્ઞાનથી હંમેશા એક બાબત ઉપર ધ્યાન રહે છે. આનાથી તેને બીજી બાબતોનો ખ્યાલ નથી રહેતો તેમ ન સમજવું પણ જે મુદ્દો લેવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે તેને વળગી રહેવામાં આવે છે, અને તે સિવાયની બાકીની વસ્તુઓને ગૌણ કરી નાખવામાં આવે છે. એટલા માટે જ નયમાં અંશગ્રાહી જ્ઞાન હોય છે, જેને અંગ્રેજીમાં Point of view કહેવામાં આવે છે. એટલે કે કોઇ પણ પદાર્થની જે દૃષ્ટિબિંદુથી તુલના કરીએ તે નય કહેવાય છે. જેમકે ઘડો પોતાના મૂળ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે પણ પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે. ઘડાની મૂળ સ્થિતિ માટીની હતી અને માટીની બીજી સ્થિતિ ઘડાનાં આકારમાં છે. એટલે મૂળ માટી દ્રવ્યનો ફેરફાર થતો નથી માટે મૂળ દ્રવ્યનાં દૃષ્ટિકોણથી ઘડો નિત્ય છે અર્થાત્ માટી છે તે બદલી નથી. પણ ઘડો ભાંગીને કુંજો બનાવીએ ત્યારે ઘડાનું રૂપાંતર કુંજામાં થયું. આ રૂપાંતર અર્થાત્ પર્યાય દૃષ્ટિએ ઘડો અનિત્ય મનાય છે. રૂપાંતર અર્થાત્ પર્યાયને અંગ્રેજીમાં change of form કહેવામાં આવે છે.

સંસારી દશામાં ચૈતન્ય કર્મથી આવૃત હોય છે, એ કર્મવર્ગણા અતિ સૂક્ષ્મ પણ રૂપી હોય છે. અને તેનાથી જીવ આવૃત હોવાને લીધે તે દૃષ્ટિએ જીવને રૂપી કહી શકાય. આ વ્યવહારનયનું વચન છે. વ્યવહાર નય એટલે સર્વસામાન્ય ધર્મવાળી વસ્તુઓમાંથી કોઇ વસ્તુને તેનો વિશેષધર્મ આગળ કરીને તે વસ્તુને સામાન્ય ધર્મવાળી વસ્તુઓમાંથી જુદી કરે છે. આ વિશેષ ધર્મવાળી દૃષ્ટિને વ્યવહાર નય કહેવામાં આવે છે. જેમકે સંગ્રહનય સત્તાની દૃષ્ટિએ સર્વ પદાર્થોને એક માને છે. પણ વ્યવહારનય કહે છે કે સર્વ પદાર્થો એક નથી, કારણ કે દરેક પદાર્થોમાં પણ પોતાનો વિશેષ ધર્મ લાગેલો છે. સંગ્રહનયવાળા આત્માની સત્તા સંગ્રહે છે. તે કહે છે–આત્મા ઉત્પન્ન થતો નથી, મરતો નથી, જે છે તેનો તે જ છે. વળી તેનાં આઠ રુચકપ્રદેશ તો સિદ્ધની પેઠે હંમેશા ઉજ્જ્વળ રહે છે, કર્મથી લેપાતા નથી; માટે આ દૃષ્ટિએ આત્મા અરૂપી કહેવાય. સંગ્રહનય એટલે કોઇ પણ વસ્તુને વિશેષરૂપે નહિ જોતાં સામાન્ય ધર્મ પ્રમાણે ગ્રહણ કરે તે. સામાન્ય ધર્મવાળા સમસ્ત પદાર્થોને સમ્યક્‌પણે ગ્રહણ કરે તેને સંગ્રહનય કહેવાય. જેમકે સામાન્ય ધર્મ પ્રમાણે જીવનું લક્ષણ ચૈતન્ય કહેવાય. આ દૃષ્ટિએ બધાં જીવો સરખાં કહેવાય. જો કે જ્ઞાનાવરણીયાદિ કર્મોનાં ક્ષયોપશમાનુસાર સ્પષ્ટ કે અસ્પષ્ટપણે, વ્યક્ત કે અવ્યક્તપણે જ્ઞાનદર્શનાદિ ગુણો ઓછાવત્તા જણાય. એ જ રીતે જીવ જન્મતો નથી, તેમજ મરતો નથી એ દૃષ્ટિએ અરૂપી કહેવાય. પર્યાય બદલી કરે એટલે કે આ શરીર છોડી બીજું શરીર ધારણ કરે તે રીતે રૂપી પણ કહેવાય.

ઉપર જોઇ ગયા પ્રમાણે જીવ રૂપી પણ કહેવાય અને અરૂપી પણ કહેવાય. વ્યવહારનયની દૃષ્ટિએ જેટલો ભાગ તેનાં કર્મમાં આવૃત હોય તે દૃષ્ટિએ રૂપી કહેવાય અને તે જ વખતે તેનાં આઠ રુચકપ્રદેશ કર્મવર્ગણાથી અલિપ્ત હોવાથી તેને અરૂપી પણ કહેવાય. તે રૂપીભાવ અને અરૂપીભાવ એક વખતે હાજર હોવાથી તે દૃષ્ટિએ આત્માને રૂપારૂપી કહી શકાય.

**स्यात् अस्ति स्यात् न अस्ति एवं सर्वम् ।**

આત્માનાં આઠ રુચક પ્રદેશો સિદ્ધ જેવાં હંમેશ હોય છે અને રહે છે; એટલે સંગ્રહનયની અપેક્ષાએ શુદ્ધ અને સનાતન પણ ગણાય. તે જ સંગ્રહનય અને સમભિરૂઢનયની દૃષ્ટિએ ચૈતન્યને નિત્ય અને અબાધિત પણ ગણી શકાય. સમભિરૂઢ નય એટલે જે નય પ્રત્યેક શબ્દનો અર્થ ભિન્ન ભિન્ન માને છે તે. તાત્પર્ય એ છે કે–દરેક શબ્દ જુદી જુદી ધાતુઓનો બનેલો છે અને એક ધાતુમાં એક જ અર્થ આપવાની શક્તિ હોવાથી જે ધાતુનો જે શબ્દ બનેલો હોય તે પ્રકારનો જ અર્થ તે શબ્દ ધરાવી શકે. દરેક શબ્દનો અર્થ એક જ થાય નહિ. આ નયની દૃષ્ટિએ ચૈતન્યને અનાદિ અને અનંત ઉપરાંત સનાતન પણ કહી શકાય. જ્યારે એવંભૂત નયની દૃષ્ટિએ આત્મા સકલ કર્મમળ દૂર કરી સિદ્ધ થાય ત્યારે તે વખતે જ તેને સિદ્ધ કહી શકાય. જે વસ્તુ જે દશામાં પરિણમે તે વખતે તે સ્વરૂપે તેને જે દૃષ્ટિએ જુએ તે નયને ઋજુસૂત્ર નય કહેવાય. આ નય પરિણામગ્રાહી છે. આ નય અતીત અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાગત કાળની અપેક્ષા કરતો નથી. પોતે પોતાનો વિષય સ્વતંત્રપણે સમજાવે છે.

પરંતુ શબ્દનયની અપેક્ષાએ જોઇએ તો શબ્દમાં ફેર નથી. એક શબ્દનાં અનેક પર્યાયો હોય તો પણ શબ્દનયવાળા એક અર્થમાં માને છે. તે નયની અપેક્ષાએ પર્યાયભેદનો ભેદ નથી. આથી આ નય રૂપી અરૂપી એ ભેદ સ્વીકારતો નથી. શબ્દ એટલે એક અક્ષર અથવા તેથી વધારે અક્ષરોનો સમૂહ કે જેમાંથી અર્થ નીકળે. જે બોલાય તે શબ્દમાત્રનાં દૃષ્ટિબિંદુથી જેના અર્થમાં ફેરફાર થતો નથી તે દૃષ્ટિબિંદુને શબ્દનય કહેવામાં આવે છે, અથવા શબ્દમાત્રનાં દૃષ્ટિબિંદુથી ભિન્ન લાગે પણ ભાવદૃષ્ટિએ એક જ લાગે તેને શબ્દનય કહેવાય. આ દૃષ્ટિએ આત્મા અને જીવ બંને એક જ છે, પછી ભલે તે સિદ્ધ હોય કે ન પણ હોય, કારણ કે તેના આઠ રુચકપ્રદેશ સિદ્ધની જેમ હંમેશા ઉજ્જવળ રહે છે. આથી ઉલટી રીતે સમભિરૂઢનયની દૃષ્ટિએ દરેક શબ્દને તેનાં જુદા જુદા અર્થમાં માનીએ તો આત્મા, ચૈતન્ય, જીવ વગેરે શબ્દનો જુદો જુદો અર્થ નીકળે; કારણ કે જુદા જુદા પર્યાયવાચક શબ્દનો જુદો જુદો અર્થ નીકળે.

જ્યારે એવંભૂતનયની દૃષ્ટિએ તો ચંડાળનું કામ કરનાર જીવને ચંડાળ અને સાધુનું કામ કરનાર આત્માને સાધુ કહી શકાય. જે વસ્તુમાં વસ્તુસ્વરૂપે તત્વનો આવિર્ભાવ થાય તે દૃષ્ટિએ જુએ તેને એવંભૂતનય કહેવાય. આ અર્થમાં જ્યારે માણસ ક્રોધ કરતો હોય ત્યારે ક્રોધાત્મા અને શાંત હોય ત્યારે શાંતાત્મા કહી શકાય. અથવા તો જ્યાં સુધી શિક્ષક ભણાવતો હોય ત્યાં સુધી શિક્ષક કહી શકાય, પછી આ નયની દૃષ્ટિએ જે વખતે શિક્ષકનું કામ બંધ કરે ત્યારે તેને શિક્ષક ન કહી શકાય. જે સમયે જે ક્રિયા ચાલતી હોય તે સમયે તે ક્રિયાથી તેને યુક્ત માની તે ક્રિયાને તેના કરનાર સાથે જોડી દેવામાં આવે છે. ઋજુસૂત્રનય વર્તમાન ગુણને જુએ છે જ્યારે એવંભૂતનય વર્તમાન ક્રિયાને જુએ છે. ગૃહસ્થનાં વેષમાં સાધુ જેવું વર્તન રાખનાર પણ ગૃહસ્થનું કાર્ય કરનારને ઋજુસૂત્રનયની દૃષ્ટિએ સાધુ કહી શકાય ત્યારે એવંભૂતનયની દૃષ્ટિએ તેને ગૃહસ્થ કહેવામાં આવે.

આગમસાર ગ્રંથમાં પૂ. દેવચંદ્રજી મહારાજે સિદ્ધ શબ્દની સાતે નયે વ્યાખ્યા કરી છે તે નીચે પ્રમાણે છે. નૈગમનયનાં મતે જીવ સિદ્ધ છે કેમકે સર્વજીવોનાં આઠ રુચકપ્રદેશ સિદ્ધ સમાન નિર્મળ છે. સંગ્રહનયની દૃષ્ટિએ સર્વજીવોની સત્તા સિદ્ધ સમાન છે. વ્યવહારનયની દૃષ્ટિએ જે જીવો વિદ્યાલબ્ધિ વગેરે ગુણવડે સિદ્ધ થાય તે સિદ્ધ કહેવાય. ઋજુસૂત્રનયની દૃષ્ટિએ જે જીવ પોતાના સિદ્ધપણાની દશા ઓળખી તેનાં જ્ઞાનનો ઉપયોગ પ્રવર્તાવે તે જીવ સિદ્ધ કહેવાય. આ નયની દૃષ્ટિએ સમકિતી જીવો જ સિદ્ધ સમાન કહેવાય. શબ્દનયની દૃષ્ટિએ જે જીવ શુક્લધ્યાનમાં પ્રવર્તતો હોય તેને સિદ્ધ કહેવાય. સમભિરૂઢનયની દૃષ્ટિએ જે જીવ કેવળજ્ઞાન, કેવળદર્શન અને યથાખ્યાત ચારિત્ર્ય આદિ ગુણો સહિત હોય તે સિદ્ધ કહેવાય. એવંભૂતનયની દૃષ્ટિએ જે જીવો સકલ કર્મનો ક્ષય કરી લોકાંતે બિરાજતાં હોય તેને જ સિદ્ધ કહેવાય.

આ તે નયપક્ષની લડાઇ છે કારણ કે તે આત્માને પોતપોતાની દૃષ્ટિએ જુએ છે. પણ જ્યારે નયપક્ષ છોડી પ્રમાણપક્ષ તરફ આવીએ એટલે કે સર્વ અંશોથી જ્ઞાન ગ્રહણ કરી સર્વ દિશાથી આત્માને જોઇએ ત્યારે સર્વ લડાઇ બંધ થઇ જાય છે. આનંદઘન કહે છે કે આત્મદર્શનનો અનુભવ એવો છે કે તે આનંદ અનિર્વચનીય બની જાય છે અને કંઇપણ સાંભળવાની કે કહેવાની ઇચ્છા થવાને બદલે મૌન થવામાં જ અદ્દભુત આનંદ આવે છે. પછી એમ પણ કહેવાનું મન થતું નથી કે જીવ રૂપી છે કે અરૂપી છે કે રૂપારૂપી પણ છે. અને મુંઝાવાનું પણ કારણ નથી રહેતું કે એને રૂપી કે અરૂપી કહીશ તો સિદ્ધ તો કેમ કહેવાશે અને આગળ સિદ્ધ કહીશ તો પુન્ય અને પાપનાં કર્તા અને ભોક્તા પણ કેમ કહેવાય ? તમામ હકીકતનો નીચોડ એ છે કે પ્રમાણજ્ઞાનમાં સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંશોનું અને સર્વ દિશાઓનું તથા સર્વ કાળનું જ્ઞાન અને દૃષ્ટિબિંદુઓ આવી જાય છે.

પ્રમાણજ્ઞાનની દૃષ્ટિએ વિચારીએ તો પ્રત્યક્ષ પ્રમાણથી આત્મા સિદ્ધ છે; એ ચૈતન્યસ્વરૂપ પરિણામી પણ છે, કેમકે જીવનધર્મથી ઉત્પાદવ્યયપણે પરિણમે છે. તેમજ તે કર્તા અને ભોક્તા પણ છે; કારણ કે કરનાર પોતે ભોગવનાર ન હોય તો સુખરૂપ કે દુઃખરૂપ તેને કહી શકાય નહિ. સંસારીદશામાં તે સ્વદેહપ્રમાણ છે અને પ્રત્યેક શરીરે ભિન્નભિન્ન છે. એ જ જીવ પાંચ કારણની સામગ્રી પ્રાપ્ત કરી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન ને યથાખ્યાત ચારિત્ર્યને સાધવાથી સંપૂર્ણ અવિનાશી, નિષ્કલંક સુખમય સિદ્ધતાને પ્રાપ્ત કરે છે. પ્રમાણ ચાર જાતનાં છે. (૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) ઉપમાન અને (૪) શબ્દ. ઇન્દ્રિય અને પદાર્થનો જે સંબંધ તે પ્રત્યક્ષ પ્રમાણ અને એ સંબંધથી જે જ્ઞાન થાય તે પ્રત્યક્ષજ્ઞાન કહેવાય છે. એક પદાર્થનું પ્રત્યક્ષ જ્ઞાન થવાથી તેની સાથે સંબંધ રાખનાર અપ્રત્યક્ષ પદાર્થનું જ્ઞાન જેનાથી થાય છે તે અનુમાન પ્રમાણ અને તે પ્રમાણથી જે જ્ઞાન થાય તે અનુમાન અથવા અનુમિતિ જ્ઞાન કહેવાય છે. સાદૃશ્યજ્ઞાન એ ઉપમાન પ્રમાણ કહેવાય છે, અને તેનાથી જે જ્ઞાન થાય તે ઉપમાન જ્ઞાન અથવા ઉપમિતિ જ્ઞાન કહેવાય છે. સાદૃશ્યજ્ઞાન એટલે સરખામણીનાં જ્ઞાનથી જે વાચ્યવાચકભાવરૂપ સંબંધનું જ્ઞાન થાય એ અને છેલ્લું શબ્દપ્રમાણ, શબ્દપ્રમાણ એટલે શબ્દ એ જ પ્રમાણ છે. આપ્તપુરુષનાં વાક્યો પ્રમાણ માનીને જે જ્ઞાન થાય તે શબ્દજ્ઞાન કહેવાય. અર્થનું ઇંદ્રિયનિરપેક્ષ પ્રત્યક્ષ જ્ઞાન હોવું તે આપ્તિ અને એ આપ્તિ જેનામાં હોય તે આપ્ત કહેવાય છે. આ ચાર જાતનાં પ્રમાણથી સર્વ જાતનું જ્ઞાન આવી જાય છે.

★

यच्चिंतितं तदपि दूरतरं प्रयाति,
यच्चेतसापि न कृतं तदिहाभ्युपैति
प्रातर्भवामि वसुधाधिपचक्रवर्ती,
सोऽहं व्रजामि विपिने यटिलस्तपस्वी ॥

( શાર્દૂલ )

જેનું ચિંતન હોય રોજ ચિત્તમાં તે દૂર જાતું રહે,
જેનો સ્વપ્ન વિષે વિચાર પણ ના તે આવી ઊભું રહે;
જે હું કાલ સવારમાં યવનિનો રાજા થવાનો છઊં,
તે હું આ યતિવેશમાં વન વિષે જોગી થઇને જઊં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સંસ્કૃતિ*

અનુ૰ બહેન ઇન્દુમતી ગુલાબચંદ શાહ એમ. એ.

છેવટે તો સંસ્કૃતિનો અર્થ, મનુષ્યને સંસ્કારી અને ઉન્નત બનાવે તેમજ સમાજરચનાને યોગ્ય અને તેવા વિચાર, આચાર અને માન્યતામાં રહેલો છે. ધર્મ-અને સંસ્કૃતિ વચ્ચે અતૂટ સંબંધ છે. કોઈ પણ ધર્મની પોતાની અલગ સંસ્કૃતિ હોવાનો અર્થ એટલો જ છે કે તેનાં પોતાનાં આચાર, વિચાર અને માન્યતાઓની ધારા જુદી છે. સંસ્કૃતિનો પ્રાણ આચાર, વિચાર અને માન્યતાની ત્રિપુટીમાં વસે છે. જુદા-જુદા પ્રાંતો અને દેશોની રહેણી-કરણી, ખાન-પાન વગેરેની વિવિધતા સંસ્કૃતિનાં વિવિધ શરીરો છે. તેનાથી સંસ્કૃતિનાં મૂળ રૂપમાં કોઈ ભેદ નથી પડતો.

## જૈન સંસ્કૃતિનું સ્થાન:—

ભારત હંમેશાં ધર્મભૂમિ બની રહ્યું છે. જ્યારે બીજા દેશોનાં મનુષ્યોની આંખ પણ ઉઘડી નહોતી તે કાળથી તેની સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી છે. આર્ય લોકો અહિંના જ રહેવાસી હતા કે બીજા દેશમાંથી આવેલા હતા તે ઝઘડામાં નહિ ઉતરતાં, આપણે એટલું જ જોવાનું છે કે ભારતીય સંસ્કૃતિની બે ધારાઓમાં જૈન સંસ્કૃતિનું શું સ્થાન છે? વૈદિક સંસ્કૃતિ અને શ્રમણ સંસ્કૃતિનાં બે મુખ્ય પ્રવાહોથી ભારતીય જીવન વ્યાપ્ત છે. વૈદિક સંસ્કૃતિનો મૂળ આધાર 'વેદ' છે. તેની શ્રદ્ધાનું કેન્દ્ર વેદ અને તેને અનુસરતા બ્રાહ્મણ ગ્રંથો, સ્મૃતિ, પુરાણ, ધર્મશાસ્ત્ર વગેરેનો પરિવાર છે. વેદના મુખ્ય અધિકારી બ્રાહ્મણ-વર્ગે પરંપરાઓથી વેદને તેનાં સ્વર, ઉચ્ચારણ ક્રમ, અર્થ અને વ્યાખ્યા દ્વારા સુરક્ષિત રાખ્યો છે, અને તેની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. આ પ્રવાહની આધાર-ભૂમિ આટલી છે.

૧. ધર્મ અને તેનાં નિયમ–ઉપનિયમો માટે વેદનાં પ્રમાણને છેલ્લું અને નિર્બાધ ગણવું.

૨. ઇશ્વરને જગતનો કર્તા–ધર્તા અને હર્તા માનવો.

૩. જન્મને આધારે વર્ણવ્યવસ્થાનો સ્વીકાર કરવો.

૪. ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં બ્રાહ્મણવર્ગનો વિશેષ અધિકાર સ્વીકાર કરવો. યજ્ઞ કરવાનું કામ બ્રાહ્મણનું જ ગણવું. સંન્યાસ અને યજ્ઞનો શૂદ્ર માટે પ્રતિબંધ છે.

વેદને નિર્બાધરૂપે પ્રમાણિક માનવા માટે શબ્દને પોતાને જ તેનાં પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે. લોકવ્યવહારમાં જ્યાં શબ્દની પ્રમાણિકતા અને અપ્રમાણિકતાનો પ્રશ્ન ઊભો છે, ત્યાં તે વક્તાનાં ગુણ-દોષ પર અવલંબેલો છે. પણ તેને માટે તેઓએ રસ્તો કાઢ્યો છે. મિમાંસક કુમારિલે તેનું વિશ્લેષણ કરતાં લખ્યું છે કે :–

"शब्दे दोषोद्भवस्तावद्
वक्त्रधीन इति स्थितम्।
तदभावः क्वचित्तावद् गुणवद्वक्तृकत्वतः॥
तद्गुणैरपकृष्टानां शब्दे सङ्क्रान्त्यसंभवात्।
यद्वा वक्तुरभावेन न स्युर्दोषा निराश्रयाः।"

* મૂળ લેખક પંડિત મહેન્દ્રકુમાર ન્યાયાચાર્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્—જો કે તે નિશ્ચિત છે કે શબ્દમાં વક્તાને લીધે દોષો ઉત્પન્ન થાય છે, અને ગુણવાન વક્તાથી તે દૂર થાય છે; કારણ કે વક્તાનાં ગુણોથી દૂર થયેલા દોષોની ફરીવાર શબ્દમાં સંક્રાંતિ નથી થઈ શકતી. અથવા તો બીજો પ્રકાર એ છે કે જ્યાં વક્તા જ નથી ત્યાં દોષ તેનાં આશ્રય વિના નથી રહી શકતા. આ પ્રમાણે કુમારિલને વેદને પ્રમાણિક સિદ્ધ કરવા માટે નીચેની કલ્પનાઓ કરવી પડી.

૧. વક્તા વિના પણ સાર્થક શબ્દનું ઉચ્ચારણ માનવું.

૨. ગુણોને પ્રમાણ ન માનતા, તેના દ્વારા દોષોનો અભાવ રહે છે એમ માનવું, અને દોષોનાં અભાવથી પ્રમાણતા આપમેળે જ આવી જાય છે.

૩. વ્યવહારમાં પણ વક્તાનાં ગુણોની ઉપેક્ષા કરીને અને આ પ્રમાણે ગુણમાત્રનો નિષેધ કરીને ગુણકૃત પ્રમાણનો અસ્વીકાર કરવો.

૪. ધર્મ વિ. અતીન્દ્રિયાર્થદર્શિત્વ ગુણને ન માનવાને લીધે સર્વજ્ઞતાનો નિષેધ કરવો અને પરંપરા-પ્રાપ્ત વેદને જ ધર્મનું પ્રમાણ માનવું.

આ પ્રમાણે ધર્મ, તેનાં નિયમ–ઉપનિયમ ઇત્યાદિની પ્રમાણિકતાનો છેલ્લો આધાર વેદ બન્યો; અને તેનાં વ્યાખ્યાનોનો અધિકાર બ્રાહ્મણવર્ગ પાસે રહ્યો. ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગી અને સાક્ષાતરૂપે પૂર્ણજ્ઞાની નથી બની શકતો. તે હંમેશા અપૂર્ણ રહેવાનો છે. જ્યારે જૈન સંસ્કૃતિએ ઉપરનાં કાઇપણ આચારને માન્ય કર્યા નથી.

## ૧ વેદોને પ્રમાણરૂપ ન માનવા—

જૈન સંસ્કૃતિએ દર્શાવ્યું છે કે સંસારનો દરેક આત્મા અંતરથી સમાન ગુણ અને સમાન શક્તિ ધારણ કરે છે. અનાદિ કાળની કર્મવાસનાને લીધે ઓછા–વત્તા વિકાસને લીધે સંસારી જીવોમાં અનેકરૂપતા જોવામાં આવે છે. કર્મવાસનાઓ દૂર થતાં જ તેનું નિર્મળ, જ્યોતિર્મય, પ્રભામય રૂપ પ્રગટે છે. તે રાગ ઇત્યાદિ ભાવ વિકારોને ખાખ કરીને પૂર્ણ વીતરાગી બની શકે છે. આવા વીતરાગી અને તત્ત્વજ્ઞાની સંતપુરુષોનો અનુભવ ધર્મનાં નિયમ અને ઉપનિયમો માટે પ્રમાણરૂપ બનતો આવ્યો છે અને બનવો પણ જોઇએ. આ પ્રમાણે જૈન સંસ્કૃતિએ ગુણોનું મહત્ત્વ સ્વીકારીને ગુણોને જ તેનાં પ્રમાણનાં આધાર બનાવ્યા, તત્ત્વજ્ઞાની અને વીતરાગી પુરુષને ધર્મ ઇત્યાદિ અતીન્દ્રિય પદાર્થોને સાક્ષાત્ કરનારા ગણીને તેમનાં વચનોને આગમ તેમજ ધર્મપ્રતિપાદક માન્યા. સંક્ષેપમાં ધર્મ જેવા આત્મસંશોધક પ્રયત્નમાં અનુભવી વીતરાગી સંતનાં અનુભવને પ્રાધાન્ય આપવામાં આવ્યું. કોઈ અનાદિ કાળની પરમ્પરાથી ચાલ્યા આવતા શાસ્ત્રોને નહિ; પછી ભલે તે અપૌરુષેય હોય.

પુરુષ પોતાના પ્રયત્નોથી પૂર્ણ વીતરાગી અને પૂર્ણજ્ઞાની બની શકે છે; કારણ કે તે તેનો સ્વભાવ છે. આવરણ દૂર થયા પછી તેનો શુદ્ધ સ્વભાવ પ્રગટ થયો તે અનિવાર્ય છે. જે અનુષ્ઠાનો, ઉપાયો અને ભાવના ઇત્યાદિથી વીતરાગી અને જ્ઞાની પુરુષોએ આત્મસ્થિતિ પ્રાપ્ત કરી અને જગત કલ્યાણ માટે તે ઉપાયોનો ઉપદેશ કીધો, ને ધર્મભૂત ઉપાયોને પ્રમાણરૂપ માનવા અને તેની ઉપર ચાલીને આત્મસ્થિતિ પ્રાપ્ત કરવી તે જૈન સંસ્કૃતિની પ્રકૃતિ છે. તીર્થંકરો પણ આ જ પદ્ધતિએ પોતાની અશુદ્ધ અવસ્થાનો નાશ કરીને સ્વરૂપસ્થિતિ પ્રાપ્ત કરવાવાળા સંસારી આત્માઓ જ છે. તે આત્માઓએ ઊર્ધ્વગમન કર્યું છે.

## ૨ ઈશ્વરને કર્તા ન માનવો—

આ જગત અનાદિ અનંત છે. તેમાં જેટલા પદાર્થો છે તેમાંથી કોઇ ઘટતો યે નથી ને કોઈ વધતો નથી. બધા પદાર્થો પોતપોતાની સત્તાની અંદર સ્થિર રહે છે. તેમાં પ્રત્યેક ક્ષણે પરિવર્તન થયા કરે છે. રૂપમાં પરિવર્તન હોવા છતાં દ્રવ્યનું ઘટક અવિચ્છિન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહે છે. ગમે તેટલું મહાન પરિવર્તન થાય છતાં તેનું દ્રવ્યત્વ નાશ પામતું નથી. સારાંશ એ કે—

**'भावस्स नासो, नत्थि अभावस्स चेव उप्पायो। गुणपज्जवेसु भावा उप्पायवह पकुर्वंति ।**

અર્થાત્ કોઈ પણ પદાર્થનો સર્વથા વિનાશ નથી થતો અને બીજા કોઈ અસત્ પદાર્થની ઉત્પત્તિ પણ નથી થતી. પદાર્થનાં ગુણ અને રૂપની ઉત્પત્તિ અને નાશ થયા કરે છે.

સંસારનાં બધા દ્રવ્યો ગણત્રીમાં ગણાએલા છે, તેની સંખ્યામાં ફેરફાર નથી થઇ શકતો અને બધા પોતપોતાનાં સ્વભાવ અનુસાર પોતાનાં જ ગુણ અને રૂપમાં પરિવર્તન કરતા રહે છે. કોઈ પણ પદાર્થ ક્યારેય પરિવર્તન વિનાનો નથી રહી શકતો.

અનંત આત્માઓ, અનંતાનંત પુદ્ગલ પરમાણુ, એક આકાશ દ્રવ્ય, એક ધર્મ દ્રવ્ય, એક અધર્મ દ્રવ્ય, અને અસંખ્ય કાલાણુ દ્રવ્ય—આ પ્રમાણે છ પ્રકારનાં દ્રવ્યોથી લોકાકાશ વ્યાપ્ત થયેલું છે.

તેમાં આકાશ, કાળ, ધર્મ અને અધર્મ દ્રવ્યોનાં પરિવર્તન, પરપદાર્થોથી પ્રભાવિત નથી થતા. તેનું એક સરખું પરિવર્તન થતું રહે છે. તેનો શુદ્ધ સ્વભાવ પર્યાયદૃષ્ટિએ પરિવર્તનશીલ હોય છે.

અશુદ્ધ આત્માઓ અને અનંતાનંત પુદ્ગલ, (પરમાણુ) તેના પરસ્પર પ્રભાવિત કરનાર વિવિધરંગી પરિવર્તનોનો ભંડાર આ વિશ્વ છે. પરમાણુઓના સંયોગ-વિયોગ અને બંધનથી કદાચ શુદ્ધ અને કદાચિત્ અશુદ્ધ પરિવર્તન થયા કરે છે. પોતાના બધા પરિણામ સ્વરૂપો, ઉત્પાદ વ્યય ધ્રૌવ્યવાળા પોતાનાં સ્વભાવને કારણે છે; આ પરિવર્તનો—શુદ્ધ કે અશુદ્ધ, સ્વાભાવિક કે વૈભાવિક, પરસ્પર પ્રભાવિત કે અપ્રભાવિત-થાય છે. તેનો ઘડનાર કોઈ ઈશ્વર નામનો સ્વયંભૂ નિત્ય સિદ્ધ આત્મા નથી; કારણ કે પ્રત્યેક દ્રવ્ય સ્વયં ઉત્પત્તિ અને લય પામતા રહે છે. એટલું ચોક્કસ છે કે અશુદ્ધ આત્માઓ અને જડ પરમાણુઓનું પરિવર્તન પરસ્પર પ્રભાવિત થઇ જાય છે. જેવી રીતે હાઇડ્રોજન વાયુનું એક પરમાણુ પ્રતિક્ષણે પોતાના સ્વભાવાનુસાર હાઇડ્રોજનના જ રૂપમાં પરિવર્તન થતું રહે છે; કદાચ સંયોગવશાત્ તેમાં ઓક્સીજનના પરમાણુઓનો સંયોગ થાય તો બન્નેનું 'જળ'માં પરિવર્તન થઇ જશે. આ જ પ્રકારે પ્રત્યેક પદાર્થ, પ્રતિક્ષણે પૂર્વ અવસ્થાનો વિનાશ, નવી અવસ્થાની ઉત્પત્તિ અને અવિચ્છિન્ન સંતતિરૂપ ધ્રૌવ્યનાં ત્રિવિધ પરિણામ ચક્ર પર ચઢ્યા કરે છે. તે કદી પણ પરિણામશૂન્ય નથી હોતા. એવું કોઈ પણ મહાચેતનરૂપ નિમિત્ત નથી જ કે જે આ જગતને પોતાની માયાથી (લીલાથી) ચલાવતું હોય, તેની ઉત્પત્તિ કે તેનું પાલન કરતું હોય તેમજ તેને પ્રલયમાં ઘસડી જતું હોય.

આત્મા પોતાના શુભ-અશુભ વ્યાપારેથી તેવા જ પ્રકારનાં પ્રકાશ કે અંધકારમય પુદ્ગલ કર્મો બાંધે છે. તે કર્મો પોતાનાં પરિપકવ કાળમાં શરીર, મન, આત્મા અને બાહ્ય ભૌતિક જગતને પોતે જ પ્રભાવિત કરીને તેની શાતા અને અશાતાનું નિમિત્ત બને છે. તેનો હિસાબ રાખવા માટે કોઇ નિરીક્ષક કે ચૂકાદો આપવા માટે કોઈ ન્યાયાધીશની આવશ્યકતા નથી. પુદ્ગલ-કર્મોનો આપમેળે જ સારા કે ખરાબ રૂપમાં સંગ્રહ થતો જાય છે. એક દ્રવ્ય પર પ્રભાવ પાડવામાં બીજું દ્રવ્ય કદાચ નિમિત્ત બની પણ જાય પણ અનંત દ્રવ્યોને દોરનાર કોઇ એક નિમિત્ત અસંભવિત નથી. બધા જ દ્રવ્યો પોતપોતાની યોગ્યતા અને સામગ્રી અનુસાર વિકસે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનાં વિકાસનું નિમિત્ત બને પણ ખરું, પણ કોઇ દ્રવ્યનો કોઇ બીજા દ્રવ્ય પર નૈસર્ગિક અધિકાર નથી. ઈશ્વર નામનાં કોઇ અનંત દ્રવ્યો પર અધિકારે ઘટાવતા નિત્ય અનાદિ સિદ્ધ દ્રવ્યની કલ્પના જ નિર્મૂળ છે. એક વ્યક્તિની ઇચ્છા પ્રમાણે જગતનું સંચાલન થાય, તે દ્રવ્યનાં સાચાં સ્વરૂપ વિષેનાં અજ્ઞાનનું ફળ છે. તેનાથી વ્યક્તિ-સ્વાતંત્ર્ય જળવાતું નથી. અને દ્રવ્યની સ્વપૂર્ણતા પણ જળવાતી નથી. ઇશ્વર તો વીતરાગી છે, શુદ્ધ છે અને કૃતકૃત્ય છે. તેને આ જગતની રચના કરવાનું શું કારણ કે પ્રયોજન હોય ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આજનાં વૈજ્ઞાનિક યુગમાં પદાર્થોનાં નિશ્ચિત કાર્ય-કારણ ભાવોનું સંશોધન થઇ રહ્યું છે ત્યારે આવા અનુભવ અને યુક્તિથી વિરુદ્ધ કારણની કલ્પના કરવી યોગ્ય નથી. પદાર્થોનાં પોતાનાં વ્યવસ્થિત કાર્યકારણ-ભાવ અને કારણસામગ્રી અનુસાર ક્રિયાઓ ઉત્પન્ન થતી રહે છે. જૈન સંસ્કૃતિએ વ્યક્તિ સ્વાતંત્ર્યની પૂરી રક્ષા કરી છે, અને સ્પષ્ટ દેખાડયું છે કે જગતનો દરેક જીવ પોતાનાં કર્મ સૂત્રમાં ગૂંથાયેલો છે, અને તે પ્રમાણે તેનું ફળ ભોગવી રહ્યો છે. કર્તા પણ પોતે છે, ભોગવનાર પણ પોતે છે.

સાચું પૂછો તો ઇશ્વરનાં મુખ ઇત્યાદિમાંથી ઉત્પન્ન થયેલા બ્રાહ્મણ ઇત્યાદિ વર્ણવ્યવસ્થાનાં ઉચ્ચ–નીચ ચક્રોએ જ ભારતવર્ષમાં વિષમતા ઊભી કરી, અને માણસને માણસથી દૂર કર્યા. અભિજાત વર્ગે દાવો માંડ્યો કે ઇશ્વરે જન્મથી જ તેઓને ઉચ્ચ બનાવ્યા છે, અને ઇશ્વરે જ શાસકવર્ગ બનાવ્યો છે રાજા અને સામંત લોકોને ઇશ્વરનાં પ્રતિનિધિ મનાવવામાં આવ્યા, અને તેઓનાં રક્ષણ માટે સેના ઊભી કરવામાં આવી. વ્યક્તિ–સ્વાતંત્ર્ય નષ્ટ થયું. ગુણોની પૂજા પૂરી થઇ, ઇશ્વરેચ્છા અને તેનાં સફળ પ્રચારકોનો હંમેશ માટે વિશેષ અધિકાર સ્થપાયો.


શ્રમણ સંસ્કૃતિએ આ જાળને કાપી અને મનુષ્યને તે રસ્તે લાવીને ઊભો રાખ્યો; જ્યાંથી તે આનંદપૂર્વક પોતાની ઇચ્છાનુસાર જઇ શકે છે. જૈન–ધર્મનો ભક્તિમાર્ગ, ઓછાવત્તા રૂપમાં મનુષ્યનાં વ્યાકુળ ચિત્તનો એક આધાર બનીને તેને આશ્વાસન આપે છે. તેમાં આવેલાં કર્તૃત્વવાદી વિચારોનું મૂલ્યાંકન તથ્યસ્પર્શી દાર્શનિક દૃષ્ટિકોણથી નથી થઈ શકતું, તે તો બાળકને નિશાળ સુધી પહોંચાડવા, અને ત્યાં સ્થિરતાપૂર્વક બેસાડી રાખવા માટે અપાતી મીઠાઇની ગોળીઓ જેવું છે. ચિત્તનું આશ્વાસન પણ કોઇ એક પ્રક્રિયાથી જ કાર્ય-સાધક બને છે. જ્યારે કોઇ અતિ દુઃખી જીવ ભગવાનનાં શરણમાં જાય છે અને પોતાનાં સમસ્ત સંકલ્પ અને વિકલ્પોને છોડીને એકાગ્ર બને છે ત્યારે વિશુદ્ધિથી તેનાં ચિત્તની ધારા બદલાઈ જવાથી; સ્વાભાવિક રીતે તેને કષ્ટનો અનુભવ ઓછો થાય છે અને તે વિશુદ્ધ ચિત્રની અસર બાહ્ય પરિસ્થિતિ ઉપર પણ પડે છે. પરંતુ એ તો નક્કી છે કે આ દુનિયામાં કોઈ એવો ભગવાન નથી કે, જે પોતાની ભક્તિથી પ્રસન્ન થઇને ભક્તોને ચેક ફાડી દેતો હોય (વરદાન આપતો હોય). વિધાતાની રેખા પણ, મનુષ્યને વિપત્તિકાળમાં આશ્વાસન ખાતર છે, જેથી તે પોતાની નિષ્ફળતાઓથી ગભરાઇને આશાનાં તાંતણાઓ તોડી ન બેસે. પાપથી બચવા ખાતર સર્વાન્તર્યામી ઇશ્વરનો ઉપયોગ કોઈ વાર થતો હશે, પરંતુ જ્યારે ભયંકર પાપી વ્યકિત પોતાનાં પાપોના (દુષ્કર્મો) લૌકિક સફળતા જુએ છે, ત્યારે તેનો ડર નાશ પામે છે. ઇશ્વિરનાં મંદિરોમાં તેને જ નામે શું વ્યભિચારી લીલાઓ નથી ચાલી? ભગવાનની સોના–ચાંદીની મૂર્તિઓની ચોરી પૂજારીઓએ પોતે જ નથી કરાવી? આ બધી નિષ્ફળતાઓ જ કલ્પિત ઇશ્વિરવાદનાં ખોખા તરફ મનુષ્યનું લક્ષ દોરે છે.

**ગુણકર્મ અનુસાર વર્ણવ્યવસ્થા—**

જૈન અનુશ્રુતિ કહે છે કે ભારતવર્ષની કર્મભૂમિ પહેલા ભોગ ભૂમિ હતી. તેમાં ધર્મ કે કર્મ જેવું કંઈ હતું નહિ. યુગલિયા સ્ત્રી–પુરુષ ઉત્પન્ન થતા હતા, તેઓ સાત સપ્તાહમાં પૂર્ણ યૌવનશાળી બની જતા હતા, અને પરસ્પર દંપતીનાં રૂપમાં રહેવા લાગતા હતા. જનસંખ્યા બહુ ઓછી હતી. કલ્પવૃક્ષોથી તેમની બધી શારીરિક આવશ્યક્તાઓ પૂરી થતી હતી, વસ્ત્ર, પેય પદાર્થ, ખાદ્ય, વાદ્ય, નિવાસ, શય્યા, આભૂષણ, પાત્ર ઇત્યાદિ બધી વસ્તુઓ કલ્પવૃક્ષમાંથી જ પ્રાપ્ત થતા હતી. કહે છે કે તેની જયોત એટલી બધી તેજસ્વી હતી કે તારાઓ શું સૂર્ય, ચંદ્ર પણ દેખાતા ન હતા. દિવસ-રાત જેવા વિભાગ ન હોતા. રાજ્ય અને રાજા ન હોતા. પરિગ્રહ, સંગ્રહ કે ઉચ્ચ–નીચની ભાવના ન હોતી. બધા સરખા હતા. આ યુગને ભોગભૂમિનો યુગ કહેવામાં આવે છે. તેમાં યુગલ દંપતિને જ્યારે યુગલ સંતાન ઉત્પન્ન થતું હતું ત્યારે માતા–પિતાનું યુગલ મૃત્યુ પામતું હતું. આ યુગ પ્રકૃતિયુગ હતો. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભગવંત મુખે ચઢેલ સ્ત્રીરત્ન

મોહનલાલ દી. ચોકસી

મધ્યાન્હનો સમય થવા આવ્યો છે એટલે રાજવી **ભંભસાર**ની સવારી રસવતી ગૃહમાં પ્રવેશી ચૂકી છે અને સારથિ નાગ ત્યાંથી વિદાય થઇ ભોજન લેવા જ્યાં ઘરમાં પગ મૂકે છે, ત્યાં આજે તેના જોવામાં, રોજ કરતાં તદ્દન નિરાળું દ્રશ્ય આવ્યું.

સામાન્ય રીતે ભાર્યા સુલસા પ્રાતઃકાળની આવશ્યક ક્રિયાથી પરવારી, સ્નાન કરી ગૃહમંદિરમાં પ્રભુપૂજન તેમજ ધ્યાનમાં લગભગ બે ઘડી ગાળી, નગરના મુખ્ય મંદિરે દર્શનાર્થે જતી, ત્યાંથી ઉદ્યાનમાં કે ગિરિની ગુહામાં કોઇ શ્રમણનાં પગલાં થયા હોય તો વંદનાર્થે તેમજ ઉપદેશશ્રવણાર્થે પહોંચતી એ સર્વ કરણીથી પરવારી દિવસના બારના ટંકારા થતાં પૂર્વે ઘર આંગણે પાછી ફરતી અને રાજ્ય દરબારમાંથી પાછા ફરતાં સ્વામીનું સ્મિત વદને સ્વાગત કરવા બેઠકના કમરામાં હાજર રહેતી. આ જાતનો દૈનિકક્રમ કેટલાક અનિવાર્ય પ્રસંગો બાદ કરતાં આજે વર્ષોથી ચાલ્યો આવતો હતો. જોકે આજે તેણી વયના માપે માપતા પ્રૌઢતામાં પ્રવેશી ચૂકી હતી અને એક બે નહીં પણ સમવયસ્ક એવા બત્રીશ સંતાનોની માતા બની ચૂકી હતી. વળી એ પુત્રો પણ આજે ખોળો ખુંદનારની દશામાં નહોતા રહ્યા; પણ જેમના ચહેરા ઉપર યૌવનનો ઉન્માદ નૃત્ય કરી રહેલ છે એવા સ્વરૂપવાન તેમજ ક્ષાત્રતેજના મૂર્તિમંત પ્રતીક સમા રાજવીના અંગરક્ષક દળમાં અગ્રપદે હતા. શાસ્ત્ર અને અસ્ત્રના દરેક દાવ ખેલવામાં નિષ્ણાતતા ધરાવતા હતા.

પૂર્વે જોયું ત્યારે સુલસા ગર્ભવતી હતી અને અણધાર્યું બનવાની આગાહી કરવામાં આવેલી, જ્યારે અહીં તો બત્રીશ પુત્રોની માતા દર્શાવાય છે એ જોતાં લગભગ પ્રૌઢ વયની પૂર્ણાહૂતિ થઈ ચૂકી હોય અને વૃદ્ધાવસ્થા ગાત્રો ઉપર પોતાનું સામ્રાજ્ય પાથરી ચૂકી હોય ત્યાં પૂર્વે વર્ણવેલ આચરણ શક્ય ન હોઈ શકે. આવી શંકા સહજ ઉદ્દભવે એટલે આજના વિલક્ષણ વર્તાવના કારણમાં ઊંડા ઉતરતા પૂર્વે વચલા કાળના અંકોડા સાંધી લઇએ તો એ ઉચિત લેખાશે.

સુલસાએ સુવાવડનો કાળ નજિક આવતાં વિચાર્યું કે દેવે દીધેલી ગોળીમાં પ્રસૂતિની પીડા નિવારવાની શક્તિ છે તો એનો ઉપયોગ કરવો ઈષ્ટ છે; છતાં એની બત્રીશની સંખ્યા અને એ રીતે બત્રીશ વાર ગર્ભધારણ કરવાનો મારે માટેનો પ્રસંગ એક રીતે વિચારતાં દુઃખકર જ લેખાય. પુત્રમુખદર્શન જરૂર સુખ આપે પણ એ સાથે એટલો સમય આવશ્યક કરણીવિહૂણો જાય એ આત્મિક દૃષ્ટિએ લાભદાયી ન જ ગણાય. દેવશકિત અચિંત્ય કહેવાય છે. એ બત્રીશે ગોળીઓ એક સાથે ગળી જઉં તો મને લાગે છે કે એના પ્રભાવથી એક **બત્રીશલક્ષણો** પુત્ર મને અવતરે અને ઉપર જે આત્મશ્રેય ચુકવાનો પ્રસંગ આવવાનો સંભવ જણાય છે તે સહજ દૂર થાય. નીતિકારો પણ કહે છે કે-ભૂંડણ માફક સંખ્યાબંધ પુત્રોને જન્મ આપવા કરતાં સિંહણ માફક એકાદની માતા બનવું એ શ્રેષ્ઠ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**वरमेको गुणी पुत्रो, न च मूर्खशतान्यपि।**
**एकश्चंद्रस्तमो हन्ति, न च तारागणोऽपि च॥**

સામાન્યતઃ નારી જાતિના સ્વભાવ વર્ણનમાં શ્રદ્ધા, સાહસ, વહેમ આદિનો સમાવેશ કરાય છે અને કેટલાક દાખલામાં ગુણરૂપ લેખાતા એ શ્રદ્ધા કે સાહસ, અંધશ્રદ્ધા ને ઉતાવળાપણામાં પલ્ટાઇ જતાં જોવાય છે. વહેમ તો અવગુણરૂપ બની જીવનને ખારું બનાવી દે છે! સુલસા જેવી શાણી નારીએ પણ આગળ-પાછળ લાંબી નજર દોડાવ્યા વિના કેવલ મનોપ્રદેશમાં ઉદ્‌ભવેલ વિચાર–તરંગ પર વજન મૂકી એક સાથે દેવઅર્પિત બત્રીશે ગોળીઓને એકસામટી હૃદય-પ્રદેશમાં પહોંચતી કરી. એનાથી ધારણા મુજબ એક બત્રીશલક્ષણો અર્ભક થવાની વાત તો દૂર રહી, પણ ઉદર જૂદા જૂદા બત્રીશ ગર્ભોને ધારણ કરનાર વિશાળ બનવા લાગ્યું. પ્રસૂતિનું કષ્ટ દૂર થવાને બદલે આ અણધારી દશાએ મહાન્ દુઃખ પેદા કર્યું.

જ્ઞાની પુરુષોની જ્ઞાનદૃષ્ટિ કહે છે કે આમાં નથી તો કોઇ આશ્ચર્યની વાત કે નથી તો કોઇ ઠંડા પહોરનો ગપગોળો. એ સાથે દૈવી ગોળીની કરામત પણ નથી જ. જો દેવમાં આ રીતે સંતાન આપવાની શક્તિ હોય તો સૃષ્ટિ પર ભાગ્યે જ કોઈ સ્ત્રી વાંઝણી રહેવા પામે. વંધ્યા જેવા શબ્દ ઉપર વ્યાકરણવેત્તા-ઓને હડતાલ ધ્રસવી પડે. એના ઊંડાણમાં અવગાહન કરવામાં આવતાં સહજ જણાશે કે વ્યક્તિએ પૂર્વે ઉપાર્જન કરેલ કર્મોના જ એ પરિણામ છે. ભવિતવ્યાદિ પાંચ કારણો એકઠા મળે છે ત્યારે જે સ્થિતિ જન્મે છે એ આપણા ચર્મચક્ષુએ ચઢે છે. દેવની ગોળી તો નિમિત્ત કારણનો ભાગ ભજવે છે.

સુલસાને ફરજીયાત દેવસ્મરણ કરવું પડ્યું. શુદ્ધ અંતરનું ચિંતવન અંતર્મૂહૂર્તમાં કલ્પનામાં ન આવે તેવા કાર્યો સિદ્ધ કરી દે છે. એને નથી તો માઇલોનું અંતર આડે આવતું કે નથી તો દુન્યવી કોઇ પદાર્થ દ્વારા એમાં અવરોધ ઊભો થતો. એટલે તો 'માણસ ધારે, ખુદા પાર ઉતારે' જેવી કહેવત અસ્તિત્વમાં આવી છે.

દેવના દર્શન થયા. સુલસાની પીડા જ્હદી શક્તિથી જેમ રામબાણ દવા દર્દનો નાશ કરે તેમ, દેવે સૌ-પ્રથમ દૂર કરી. શરીરને સાતા ઉપજતાં સુલસાએ પોતાની ઉતાવળ કબૂલ કરી પૂછ્યું કે—

ધર્મભાઇ! કોઇ ઉપાયે એકાદ બત્રીશલક્ષણો ન સાંપડી શકે?

બ્હેન! જ્ઞાની ભગવંતોએ 'કર્મની ગતિ અચિંત્ય અને વિચિત્ર' કહી છે અને એ વાત સો ટકા સાચી જ છે. એના પરિણામ ફેરવવાની શક્તિ નથી કો માનવ મહારાજામાં કે નથી તો કોઇ દેવના સ્વામી ઈંદ્રમાં. ત્હારા ભાગ્યમાં આ બત્રીશનો ઉચ્છેર એક સાથે જ લખાયેલ છે. જેમ એ સુખકર્તા નિવડશે તેમ દુઃખદાયી પણ બનશે. સમતા રાખીને જ એમાંથી પાર ઉતરવાનું. દેવ અદ્રશ્ય થયો અને દેહની યાતના દૂર થવાથી પ્રફુલ્લ હૃદયે સુલસાએ પ્રસવકાળ પૂર્વેનો બાકીનો સમય પૂરો કર્યો. બત્રીશ અર્ભકોને એક સાથે જન્મ આપ્યો. જે ઘરમાં એકની ખોટ સૌ કોઇની આંખે ચઢતી ત્યાં પાંચ–પંદર નહીં પણ એક સાથે બત્રીશ બાલુડાંને રમતાં નિરખી, સૌ કોઈ સુલસાના ભાગ્યને વખાણવા લાગ્યા. રિદ્ધિ તો ભરપૂર હતી એટલે એ દરેકના ઉછેરમાં કોઇ જાતની કચાશ ન રહી. વિધિના જે લેખ લલાટે લખાવી લાવેલા તે મુજબ એ સંતાનો વર્ષોની મર્યાદા કુદાવવા લાગ્યા; અને પૂર્વે જણાવ્યું તેમ પોતાના બાપિકા વ્યવસાયમાં પાવરધા બન્યા. રાજવીના સંરક્ષક દળમાં અગ્રણી થઇ પડ્યા. સતત જેનું અંતર ધર્મકરણીમાં રત રહેતું, અને જે વ્યવહાર માર્ગ સાચવવામાં દક્ષ મનાતી, એવી સુલસાને કોઇક વાર વિચાર આવી જતો કે દેવના છેલ્લા શબ્દોમાં 'સુખ-દાયી ને દુઃખદાયી' રૂપ ઉભય પ્રયોગ હતા; જ્યારે મારો અનુભવ તો અત્યાર સુધીમાં આ સંતાનો દ્વારા સુખપ્રાપ્તિ જ બતાવે છે. તેમના આચરણથી મારા કુળની આબરુમાં વધારો થાય છે અને જન-મુખે તેમની પ્રશંસા સાંભળી મારી આંતરડી ઠરે છે. તેઓ દુઃખકર્તા કેવી રીતે બનવાના? માનવ હૃદયમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ્યે જ વિચારોની સ્થિરતા જોર પકડે છે. એ તો દરિયાના પાણી માફક ભરતી–ઓટના ચકાવા લીધા જ કરે છે. એ કારણે તો ભગવંતોએ **આત્માને નિમિત્તવાસી** કહ્યો છે. એ માટેની આંગ્લ ઉક્તિ **A** man is the Creature of Circumstances છે.

પણ આજે વહેલી સવારે સુલસાની આંખ ઉઘડી ત્યારે એમાં રોજ માફકની તેજસ્વિતા નહોતી જણાતી. આવશ્યક ક્રિયા તો તેણીએ કરી, પણ એ 'અચરે અચરે રામ' માફક. પાછલી રાતે કંઇક માઠું સ્વપ્ન જોયાનું એને વારંવાર સ્મૃતિમાં આવવા માંડ્યું. જો કે એનું પૂરું સ્મરણ તો ન રહ્યું, પણ કંઇક ઝાંખી સંઘરાઇ અને તે એટલી જ કે, 'બત્રીશે લાડીલા ચાલી નિકલ્યા; જે પુનઃ દેખાયા જ નહીં.' આમાં શું સમજવું એની તેણીને મૂંઝવણ થઇ પડી. રોજની માફક સ્વામીનાથ તેમજ પુત્રો આવશ્યક કાર્યથી પરવારી દરબારગઢમાં પહોંચી ગયાના સમાચાર દાસીમુખે સાંભળ્યા. ઘડીભર અંતરના ઉંડાણમાં ઉદ્ભવેલી ચિંતા પર પડદો પડ્યો; ને દૈનિક કાર્યક્રમ આગળ વધ્યો.

જ્યાં સુલસા દેવગૃહમાં પૂજનકાર્ય પતાવી બહારના કમરામાં આવી શહેરમાં જવા માટેના વસ્ત્રો પરિધાન કરી રહેલ છે ત્યાં મીનાક્ષીએ આવી ખબર આપ્યા કે–

દરબારગઢમાંથી આવેલ નોકર આપને માટે કંઈ સંદેશ લાવ્યો છે અને બહાર ઊભો છે જે પ્રવેશની આજ્ઞા માંગે છે.

આ વાત કાને અથડાતાં જ સુલસાના અંતરમાં પેલી પ્રાતઃકાળવાળી વાત તાજી થઈ, અને જાતજાતના તરંગો મનોપ્રદેશમાં ઉભરાવા માંડ્યા. તેણી બોલી ઉઠી–

જા, તેને સત્વર અહીં બોલાવી લાવ.

જ્યાં રાજવીનો એ ભૃત્ય નમન કરી કંઈ બોલે તે પૂર્વે જ સુલસાએ પ્રશ્ન કર્યો-કોના તરફનો સંદેશો છે અને તે શું છે?

સ્વામીની, આપના બત્રીશ પુત્રોને રાજવી ભંભસાર સાથે આજે સંધ્યાના ઓળા ઉતરે તે પૂર્વે મગધના આ પાટનગરમાંથી વિદાય થવાનું છે. મહારાણી, આપના પતિદેવ, અને એ સંતાનો વચ્ચે એ કાર્યક્રમ નક્કી થયા પછી જ મને સારથિ મહાશયે એ વાત આપને કહેવા તેમજ એ પ્રસંગે સર્વ તૈયારી કરી રખાવવા સારુ અહીં દોડાવ્યો છે. જવાની ગોઠવણમાં કેટલીક વિચારણા ચાલુ હોવાથી એ બત્રીશ પુત્રોને આવતાં વિલંબ થવા સંભવ છે એટલે જ જરૂરી સાધનો તૈયાર રાખવાના છે.

ભૃત્ય, એ સર્વ કઈ તરફ જવાના છે તેની કંઇ ખબર છે?

સ્વામીની, એ અંગે હું કંઈજ જાણતો નથી.

સંદેશવાહક તો વિદાય થઇ ગયો પણ ત્યારપછી સુલસાના અંતરમાં વિચિત્ર પ્રકારના આંદોલનોનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું. રોજનો કાર્યક્રમ અટવાઇ ગયો અને મધ્યાહ્નના ડંકા બજવાની ઘડી આવી ચૂકી તેનું પણ તેણીને ભાન ન રહ્યું.

પતિએ કમરામાં આવી જ્યારે પ્રશ્ન કર્યો કે—

પ્રિયે! આજે એકાએક ત્હને શું થઇ ગયું? આમ વિમૂઢ કેમ બની છે?

ત્યારે જ જાણે શુદ્ધિમાં આવી હોય એમ બોલી ગઇ–

ના, મહારાજ! મારા એ બાલુડાને આજે હું મોકલવાની નથી.

કપડા ઉતારી ખીંટીએ લટકાવતાં નાગ સારથિએ શાંત્વન આપતાં જણાવ્યું.

અહીં મહારાજ ક્યાં આવ્યા છે? અને શા સારુ તું અંગરક્ષક એવા એ પુત્રોને મોકલવાની ના પાડે છે? રાજ્યની નોકરીમાં હૃદયની આવી નબળાઇ ન પાલવે. કામ મહત્ત્વનું અને ખાનગી છે અને એ માટે મારી માંગણી છતાં મહારાજે તેમની પસંદગી કરી, વળી તેઓએ તે સ્વીકારી પણ છે. એ માટે સંદેશો પણ ત્હને પહોંચી ગયો એટલે હવે તેમાં મીન–મેખ થનાર નથી. હા, એટલું તું સમજી લ્યે કે–તેઓ કોઈ યુદ્ધભૂમિમાં જતાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વાશ્રયી બનો

અનુઃ—**વિઠ્ઠલદાસ મૂ. શાહ**

જે મનુષ્ય પોતાની જાતને બાહ્ય મદદથી રહિત કરે છે, જે પોતાના અવલંબનને ફેંકી દે છે, અને કેવળ પોતાના ઉપર જ આધાર રાખે છે તેને જ વિજયી બનવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે. સ્વાશ્રયરૂપી કુંચીથી વિજયપ્રાસાદનું દ્વાર ઉઘાડી શકાય છે. સ્વાશ્રયથી જ સ્વશકિતનો આવિર્ભાવ અને વિસ્તાર થાય છે. અન્ય માણુસો તરફથી મદદની આશા રાખવાની ટેવથી વિજયપ્રાસાદના મુખ્ય આધારભૂત સ્વાશ્રયનો ઉચ્છેદ થાય છે. એક મહાન્ કંપનીના મુખ્ય કાર્યવાહકે મને હમણાં જ કહ્યું હતું કે હું મારા પુત્રને બીજા એવા ધંધામાં જોડવા યત્ન કરું છું કે જ્યાં તેને કઠિન સંયોગોમાંથી પસાર થવું પડે. તેણે પોતાની સાથે જોડવા ઇચ્છયું નહિ, કારણ કે તેને ભય લાગ્યો કે તે કદાચ તેના પર આધાર રાખે અથવા તેના તરફથી ખાસ મહેરબાનીની આશા રાખે.

જેઓને પોતાના પિતા તરફથી અતિશય પરિ-પોષણ મળે છે, જેઓને ઇચ્છાનુસાર વર્તવાની છૂટ આપવામાં આવે છે તેઓ ભાગ્યે જ અતિ ઉપયોગી કાર્યો કરી પ્રકાશમાં આવી શકે છે. સ્વાશ્રયના નિરંતર થતા વિકાસથી જ બળ અને શ્રદ્ધા નિષ્પન્ન થાય છે. સ્વાશ્રયથી જ વિજય પ્રાપ્ત કરવાની શકિતનો તથા સંગીન કાર્ય કરવાની શક્તિનો વિકાસ થાય છે. બાળક પોતાના પિતા પર આધાર રાખી શકે છે અથવા પિતા તરફથી ખાસ મહેરબાનીની આશા રાખી શકે છે એવા સ્થળે તેને મૂકવો તે જોખમભરેલું છે. આપણે જાણીએ છીએ કે આપણે ડૂબશું નહિ એવા છીછરા પાણીમાં તરતાં શીખવાનું શું મુશ્કેલીભર્યું છે ? જે સ્થળે પાણી વિશેષ ઊંડું હોય, જ્યાં તરવાની અથવા ડૂબવાની જરૂર પડે એવું હોય છે એવા સ્થળમાં તરવાનું વિશેષ ત્વરાથી શીખી શકાય છે. સંભવિત હોય ત્યારે આધાર રાખવો અને અગત્ય જણાય નહિ ત્યાંસુધી કાર્ય ન કરવું એ મનુષ્ય સ્વભાવ છે. આપણાં જીવનમાં ‘જોઇએ’ શબ્દથી આપણામાં રહેલી સર્વોત્કૃષ્ટ શકિતઓ ઉત્તેજિત થઇ બહાર આવે છે.

પોતાના પિતા તરફથી હમેશાં સહાય મળતી હોય છે ત્યારે જે બાળકો અતિ ઉપયોગના થતા નથી તેઓને જ્યારે પોતાનામાં રહેલી સામગ્રી પર આધાર રાખવાનું કહેવામાં આવે છે, જ્યારે તેઓને કાર્યમાં સફ્લતા કે નિષ્ફળતા મેળવવાની જરૂર પાડવામાં આવે છે, ત્યારે તેઓ અલ્પ સમયમાં આશ્ચર્યકારક શકિત અથવા બળ બતાવે છે એ સામાન્ય અનુભવનો વિષય છે. જે ક્ષણે બીજા લોકો તરફથી સહાય મેળવવાનો યત્ન કરવાનું તજી દેશો, સ્વતંત્ર અને સ્વાશ્રયી બનવાનો યત્ન કરશો કે તરત જ .વિજયના માર્ગ પર તમારું પ્રયાણ શરૂ થશે. તમે બહારની સહાયનો .બહિષ્કાર કરશો કે તે જ ક્ષણે તમને અનનુભૂત અને અપૂર્વ બલની સહજ પ્રાપ્તિ થશે.

આ જગતમાં સ્વમાન કરતાં બીજી કોઇ વસ્તુને વધારે મૂલ્યવાન ગણવામાં આવતી નથી. અને બહાર-ની મદદ મેળવવાના પ્રયાસમાં તમે અહિંતહિં ભમ્યા કરશો તો તમે તમારું સ્વમાન જાળવી શકવાના નથી

---

સુલસા, પ્રથમ તો પતિની વાત સાંભળી કંઇક ઠંડી પડી. મનમાં લાગ્યું કે આવી નબળાઈ પોતાને શોભતી નથી; આમ છતાં પેલી સ્વપ્નની વાત સ્વામીને કહ્યા વગર ન રહેવાણું. છેવટે આગ્રહ પણ કર્યો કે તેઓને આજે જતાં રોકાય તો મને શાંતિ મળે.

રણાંગણમાં માથું મૂકી શસ્ત્રાસ્ત્રોના દાવ ખેલનાર નાગે તો રોકડું પરખાવ્યું-વ્હાલી, આવી વેવલાઈ મારાથી ન બતાવાય. ક્ષત્રિયો માટે મરણભય તો મૂઠીમાં સમાયા જેવો છે, સપના જવલ્લે જ સાચા પડે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ચોક્કસ છે. તમે સ્વાશ્રયી બનવાનો અને તમારી જાતને સ્વતંત્ર સ્થિતિમાં મૂકવાનો નિશ્ચયાત્મક સંકલ્પ કરશો તો તમે તમારી જાતને અપરિમિત નૂતન ચૈતન્ય અને બળથી સમન્વિત થયેલી ઘણાં જ ટૂંકા સમયમાં જોવા ભાગ્યશાળી થશો. બહારની સહાય કવચિત્ આશીર્વાદરૂપ ભાસે, પરંતુ વસ્તુતઃ તે સ્વશક્તિને શાપ સમાન છે. જે લોકો તમને દ્રવ્યની મદદ કરે છે તેઓ તમારા સાચા મિત્રો નથી, પરંતુ જેઓ તમને તમારા પોતાના ઉપર આધાર રાખવાની, તમારી પોતાની શક્તિ ઉપર ઝઝૂમવાની, તમારી પોતાની જાતને સહાયભૂત થવાની આગ્રહયુક્ત ફરજ પાડે છે તેઓને જ તમારા ખરેખર મિત્ર સમજજો.

તમારા કરતાં વયમાં આગળ વધેલા ઘણા લોકો હોય છે જેઓ હાથ કે પગની ખોડવાળા હોય છે, છતાં તેઓ જીવન નભાવવાનાં સાધનો મેળવી શકે છે; અને તમે શારીરિક આરોગ્ય તથા કાર્ય કરવાની શક્તિથી સંપન્ન છો છતાં તમને બીજા માણસોની મદદની અપેક્ષા રહે છે એ શોચનીય છે. જ્યાં સુધી મનુષ્ય પરતંત્ર છે ત્યાં સુધી તે મનુષ્ય કોટિમાં છે એમ તેનાથી ધારી શકાય નહિ. જ્યારે આપણે આપણને પૂરેપૂરા સ્વતંત્ર બનાવે એવા વેપારધંધામાં જોડાયા હોઇએ છીએ ત્યારે આપણને જે શક્તિ અને પૂર્ણતાનું ભાન થાય છે તે બીજી કોઇ વસ્તુથી થતું નથી. જવાબદારી મનુષ્યની શક્તિને પ્રકાશમાં લાવે છે. સ્વતંત્ર ધંધામાં સામેલ થયા પછી ઘણા યુવકોને આત્મશક્તિનું ભાન થયું છે એ સામાન્ય અનુભવનો વિષય છે. આવા લોકોએ સ્વશક્તિના ભાન વગર કોઈના વતી વર્ષો સુધી કામ કર્યું હોય છે. જ્યાં સુધી આપણે બીજાની વતી કામ કરતા હોઇએ છીએ ત્યાં સુધી આપણી શક્તિઓ પૂરેપૂરી વિકાસ પામે એ અસંભવિત છે, કારણ કે એમ કરવામાં મહત્વાકાંક્ષાનો અથવા ઉત્સાહનો અભાવ હોય છે. આપણે ગમે તેટલા કર્તવ્યનિષ્ઠ હોઇએ તો પણ મનુષ્યની શક્તિને–આંતરિક બળને પ્રકાશમાં લાવવાને જે પ્રોત્સાહનની અગત્ય છે તેનો અભાવ છે. સ્વતંત્ર અને સ્વાશ્રયી મનુષ્ય સર્વોત્કૃષ્ટ લેખાય છે. અને જ્યાં સુધી માણસ પરાધીન હોય છે ત્યાં સુધી સ્વાશ્રયનો સંપૂર્ણપણે વિકાસ થઇ શકતો નથી.

સમુદ્ર શાંત હોય ત્યારે વહાણ હંકારવામાં અત્યંત હોશિયારી અથવા અનુભવની જરૂર હોતી નથી; પરંતુ જ્યારે વહાણ ભરદરિયે હોય છે, જ્યારે ડૂબી જવાની તૈયારીમાં હોય છે, જ્યારે ઉતારૂઓ ભયભીત બનેલા હોય છે ત્યારે જ કપ્તાનના કાર્યકૌશલ્યની ખરી કસોટી થાય છે. ખરી કટોકટીના મામલામાં જ મનુષ્યની કુશળતાની, અનુભવની અને ડહાપણની પરીક્ષા થાય છે. અને એવે વખતે જ મનુષ્ય પોતાની મહાન શક્તિઓ દર્શાવી શકે છે. બાહ્ય આડંબરની સુંદરતા ટકાવી રાખવાનો, ગ્રાહકોને પૂરતો સંતોષ આપીને હમેશના પોતાના કરવાનો યત્ન સર્વદા કરવો પડે છે. આમ કરવામાં મનુષ્યે પોતામાં રહેલું સર્વસ્વ બહાર લાવવું પડે છે. દ્રવ્યનો સંકોચ હોય છે, ધંધા રોજગાર મંદ હોય છે અને જીવન વહન કરવાની પદ્ધતિ ઊંચી હોય છે ત્યારે જ ખરેખરો પુરુષ મહાન પ્રગતિ કરી શકે છે. જ્યાં પ્રયાસમાં શિથિલતા હોય છે ત્યાં ઉત્કર્ષની અને સચ્ચારિત્ર્યની આશા આકાશકુસુમવત્ છે.

જે યુવક જાણે છે કે કેળવણી પ્રાપ્ત કરવા માટે તેની પાસે પૂરતું દ્રવ્ય છે, અને એક શિક્ષકને સારા પગારથી રાખીને પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે શ્રમ લેવાની તેને જરૂર નથી, તેના નશીબની અને જે યુવકને પોતાના પગ ઉપર ઊભા રહી રાતદિવસ આત્મસુધારણા અને આત્મોત્કર્ષને માટે પ્રત્યેક ક્ષણનો સદુપયોગ કરવાની જરૂર પડે છે અને જે જાણે છે કે ધનવાન પિતા કે કોઇ ઉદાર ચિત્તમિત્ર તરફથી તેને કોઇ પણ પ્રકારનું અવલંબન મળી શકે એમ નહિ હોવાથી પોતાને જ દ્રવ્ય ઉપાર્જન કરવું પડશે તેના નશીબની વચ્ચે કેટલું બધું અંતર પડે છે તે વિચારતાં સહજ સમજી શકાય તેમ છે. પોતાની વતી કોઈ માણસ બધાં કાર્ય બજાવે છે એવું જ્ઞાન હોય છે ત્યાં સુધી આત્મશ્રદ્ધા અથવા સ્વાતંત્ર્યનો વિકાસ થાય એ વાત અસંભવિત છે. વિકાસથી શક્તિ વધારે બળવાન બને છે. કોઇ પણ વસ્તુ પ્રાપ્ત કરવાના પ્રયાસ અને ઉદ્યમથી જ ખરું સત્વ બહાર આવે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્મારામજી (શ્રી વિજયાનંદસૂરીશ્વરજી) મહારાજકૃત

# સત્તરભેદી પૂજા

વિવેચક : પંન્યાસશ્રી રામવિજયજી ગણિવર્ય

## આઠમી ચૂર્ણ પૂજા

દુહા

જિનપતિ પૂજા આઠમી, અગર ભલા ઘનસાર;
સેલારસ મૃગમદ કરી, ચૂરણ કરી અપાર. (૧)
ચુન્ના રોહણ પૂજાના, સુમતિ મન આનંદ;
કુમતિ જન ખીજે અતિ, ભાગ્યહીન મતિમંદ. (૨)

**અર્થ** :—આ આઠમી પૂજા ચૂર્ણની છે. તેની વિધિ આ આ પ્રમાણે જાણવી. પ્રથમ અગર જાતનો સુગંધી પદાર્થ, કપુર, સેલારસ અને કસ્તૂરી ઘણી ઘણી લઈ ચૂર્ણ કરવું. પછી પ્રભુના અવયવો પર ચૂર્ણથી પૂજા કરવી. આ પૂજાથી "સુમતિ" એટલે સુંદર બુદ્ધિમાન જીવોને આનંદ થાય છે, પરન્તુ કુમતિ એટલે બુદ્ધિ વિનાના મનુષ્યો આવી પૂજા દેખી હૃદયમાં ખીજાય છે. તેઓ ભાગ્યહીન છે. બુદ્ધિમંદ છે. દ્રવ્યપૂજા એ ભાવપૂજાનું કારણ છે, એમ તેઓ જિનવચનોને સ્વીકારતા નથી. કર્તા પુરુષે આ શબ્દો "ઢુંઢક" જિનપ્રતિમા નિષેધકોની દ્રવ્ય તથા ભાવચક્ષુ ઉઘાડવા માટે કહેલ છે. એ નિર્વિવાદ લેખ છે. એમાં શંકા કરવાનું સ્થાન હોઇ શકે જ નહિ.

### ઢાળ આઠમી

રાગ જોગીઓ, નાથ મેનુ ચડકે ગઢ ગિરનાર તું ગયોરી–એ દેશી

કરમ કલંક દહોરી નાથ જિન પૂજકે;
અગર શિલારસ મૃગમદ ચૂરી, અતિ ઘનસાર મહોરી...નાથ૦ ૧
તીર્થંકર પદ શાંતિ જિનેશ્વર, જિનપૂજાને ગ્રહોરી...નાથ૦ ૨
અષ્ટ કરમદલ ઉદ્ભટ ચૂરી, તત્વ રમણકું લહોરી...નાથ૦ ૩
આઠો હી પ્રવચન પાલન સૂરા, દૃષ્ટિ આઠ રહોરી...નાથ૦ ૪
શ્રદ્ધા ભાસન રમણુતા પ્રગટે, શ્રી જિનરાજ કહોરી...નાથ૦ ૫
આતમ સહજાનંદ હમારા, આઠમી પૂજા ચહોરી...નાથ૦ ૬

**અર્થ** :—આઠમી ચૂર્ણ પૂજા કરનાર આઠ કર્મરૂપ કલંકને બાળી શકે છે. આ પૂજામાં અગર, શેલારસ, કસ્તુરી અને કપુરનું મર્દન (ચૂર્ણ) કરાય છે, આ ચૂર્ણ પૂજા દ્રવ્ય અને ભાવથી કરતાં શાંતિ-જિનેશ્વર પ્રભુના આત્માએ તીર્થંકરનામકર્મ બાંધ્યું હતું. આ પૂજા કરનાર ભવ્ય જીવ આઠ કર્મરૂપ લડવૈયાઓને ચૂર્ણ કરી શકે છે. તત્વરમણુતા પ્રાપ્ત કરે છે. વળી આ આઠમી ચૂર્ણ પૂજા કરતાં "પૂજક" અષ્ટ પ્રવચન માતાનું પાલન કરવામાં શૂરવીર બને છે. આઠ દૃષ્ટિનું અવલોકન કરી શકે છે. આ પૂજા કરનાર "આત્મા" આઠમી ચૂર્ણ પૂજાને ચાહે છે. એટલે દ્રવ્યથી અચિત્ત ચૂર્ણની પૂજા (નિરવદ્ય) અને ભાવથી આત્મસ્વરૂપ ચૂર્ણ પૂજા ઇચ્છે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રાચીન ભારતવર્ષના વિરલ અને વિશિષ્ટ છંદો

## લેખાંક ૨ : નર્કુટક, અવિતથ યાને નર્દટક તથા કોકિલક

( પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

ઉપર્યુક્ત લેખમાળાના "લેખાંક ૧" તરીકે "વાણુવાસિયા (વાનવાસિકા)" 'શ્રી આત્માનંદ પ્રકાશ' (પૃ. ૫૨, અં. ૮)માં છપાયેલ છે. આજે હું 'નર્દટક' નામના એક વિરલ અને વિશિષ્ટ છંદ વિષે કેટલુંક નિરૂપણ કરું છું.

**નામાંતર**–જે છંદને **જયદેવે** 'નર્કુટક' કહ્યો છે, એને 'અવિતથ' તેમજ (યતિની દૃષ્ટિએ) 'કોકિલક' પણ કહે છે. કેટલાક નર્કુટકને 'નર્દટક' કહે છે.

**લક્ષણ**–'નર્કુટક' એ 'અંત્યષ્ટિ'નો એક પ્રકાર છે. એ 'અક્ષરમેળ' છંદ છે. એ વૃત્તમાંના પ્રત્યેક ચરણમાં સત્તર સત્તર અક્ષરો હોય છે. આમ આ છંદ 'સમવૃત્ત' છે, એનું સુપ્રસિદ્ધ લક્ષણ નીચે મુજબ છે.:–

**"यदि भवतो नजौ भजजला गुरु 'नर्कुटक'म् ।**
**मुनिगुहकार्णवैः कृतयतिं वद 'कोकिलक'म् ॥**

આ લક્ષણ **વૃત્તરત્નાકરના** તૃતીય અધ્યાયમાં અપાયું છે. અહીં સુચવાયા મુજબ આ 'નર્કુટક' છંદમાં **ન, જ, ભ, જ** અને **જ** એમ પાંચ ગણ છે અને છેલ્લા બે અક્ષર અનુક્રમે લઘુ અને ગુરુ છે. આ વાત હું નીચે પ્રમાણે દર્શાવું છું.:–

| ન | જ | ભ | જ | જ | |
|---|---|---|---|---|---|
| ⌣ ⌣ ⌣ | ⌣ – ⌣ | – ⌣ ⌣ | ⌣ – ⌣ | ⌣ – ⌣ | ⌣ – |

આ છંદમાં જો સાત, છ અને ચાર અક્ષરોએ યતિ હોય તો આ છંદને 'કોકિલક' કહે છે. 'કલિકાલ-સર્વજ્ઞ' હેમચન્દ્રસૂરિએ [1]**છંદોનુશાસન** રચ્યું છે અને એના ઉપર [2]છન્દશ્ચૂડામણિ નામની વૃત્તિ રચી છે. મૂળ કૃતિમાં દ્વિતીય અધ્યાયમાં 'અવિતથ' અને 'કોકિલક'નાં નીચે મુજબ લક્ષણ અપાયાં છે :–

**" न्जभ्जजा लगावावितथम् । २-२९७ । "**
**तत् कोकिलकं छचैः । २-२९८ । "**

આની સ્વોપજ્ઞ વૃત્તિ( પત્ર ૧૩ અ )માં નીચે મુજબ સ્પષ્ટીકરણ છે :—

**" नजभजजेभ्यः परौ लगौ, यथा...**
**शृणु परमोपदेशमिह मुग्धमते ! सततं**
**भवजलधेः परेण यदि यातुमनास्त्वमसि ।**
**विसृज परिग्रहं भज कृपां त्यज कामकथा-**
**मवितथ वाग् भवापहर मा परकीय-**
**धनम् ॥१९४॥**
**नर्कुटकमिति जयदेवः ।**
**तत्--अवितथं छचैः--सप्तभिः षड्भिश्च**
**यतिश्चेत् कोकिलसञ्ज्ञं, यथा—**
**कलयति कोकिले मधुरपञ्चमगीतिमिमां**
**मलयसमीरणो भवति पश्यत नाटचगुरुः ।**
**इह हि यदाज्ञया नवनवाद्भुतभाङ्गिजुषः**
**किसलयहस्तकान् वितनुते सहकारलता ॥१९५॥**
**इह केचिदष्टभिः पञ्चभिश्च यतिमिच्छन्ति ।"**

આ ઉપરથી નીચેની બાબતો ફલિત થાય છે:–

(૧) 'અવિતથ' અને 'નર્કુટક' એ નામાંતર છે, કેમકે એ બંનેનાં લક્ષણો સર્વાંશે મળે છે. (નર્કુટકનો એક અર્થ 'નાક' થાય છે).

(૨) સાત અને છ અક્ષરે જો યતિ હોય તો તે છંદને 'અવિતથ' ન કહેતાં 'કોકિલક' કે 'કોકિલ' કહે છે.

૧–૨. આ બંને કૃતિનો પરિચય મેં **જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ** ( પ્રથમ વિભાગ: લાક્ષણિક સાહિત્ય, પૃ. ૧૪૪–૧૪૮ )માં આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૩) જયદેવ અવિતથને 'નર્કુટક' કહે છે.[૧]

(૪) કેટલાક આઠમા અને પાંચમા અક્ષરે યતિ હોવાનું માને છે.

(૫) અવિતથ અને કોકિલકનું એકેક ઉદાહરણ હેમચન્દ્રસૂરિએ આપ્યું છે. એ એમણે પોતે રચ્યું છે કે અન્યકર્તૃક છે તે જાણવું બાકી રહે છે. બાકી પ્રથમ ઉદાહરણ વિચારતાં એ કોઇ જૈન કૃતિમાંનું હોવું જોઇએ.

ઉપર્યુક્ત બે ઉદાહરણોનો ગુજરાતી અનુવાદ હું નીચે મુજબ કરું છું :-

હે મુગ્ધ મતિવાળા (માનવી) ! જો સંસારસમુદ્રનો પાર પામવાનું તારું મન હોય તો તું ઉત્તમ ઉપદેશનું નિરંતર શ્રવણ કર, તું પરિગ્રહ ત્યજી દે, કૃપા કર એટલે કે દયા રાખ કામકથા છોડી દે, સત્ય વાણીવાળો થા અર્થાત્ સાચું બોલ અને પારકાનું ધન હરી ન લે.

આ મધુર પંચમ સ્વરેથી યુક્ત ગીતિ (ગાન) નર-કોયલ જ્યારે કરે છે ત્યારે (હે મનુષ્યો !) તમે જુઓ કે મલયનો પવન નાટ્યાચાર્ય બને છે કે જેની આજ્ઞાથી અહીં આમ્રલતા (આંબાની વેલડી) નવનવી અદ્ભુત ભંગિ(રચના)ને સેવનારા કૂંપળરૂપ હાથને વિસ્તારે છે.

**ઉદાહરણો**–'નર્દટક' યાને 'નર્કુટક' છંદનાં ઉદાહરણો જૈન તેમજ અજૈન ગ્રંથકારોની સંસ્કૃત કૃતિઓમાં મળે છે. એ તમામ તો હું અહીં રજૂ કરી શકું તેમ નથી. વિશેષમાં અત્યારે તો જૈન ઉદાહરણોના પ્રમાણમાં અજૈન ઉદાહરણો બહુ થોડાં–બે જ આ લેખમાં આપવાનાં હોવાથી એ હું અહીં પ્રથમ ઉધ્ધૃત કરું છું—

**"प्रणयिसखीसलिलपरिहासरसाधिगतै–**
**र्ललितशिरीषपुष्पहननैरपि ताम्यति यत् ।**
**वपुषि वधाय तत्र तव शस्त्रमुपक्षिपतः,**
**पततु शिरस्यकाण्डयमदण्ड इवैष भुजः॥"**

આ પદ્ય ભવભૂતિએ રચેલા **માલતીમાધવના** પાંચમાં અંકમાંનું છે.

બીજું અજૈન ઉદાહરણ નીચે મુજબ છે:—

**"व्रजवनितावसन्तलतिकाविलसन्मधुपं,**
**मधुमथनं प्रणम्रजनवाञ्छितकल्पतरुम् ।**
**विभुमभिनौति कोऽपि सुकृती मुदितेन हृदा**
**रुचिरपदावलीघटितनर्दटकेन कविः ॥"**

આ ઉદાહરણ મોરેશ્વર રામચન્દ્ર કાલેએ A Higher Sanskrit Grammerના પરિશિષ્ટ (પૃ. ૧૬)માં આપ્યું છે. આ પૃષ્ઠાંક ઈ. સ. ૧૯૦૫માં પ્રકાશિત ત્રીજી આવૃત્તિનું છે.

ઉપર્યુક્ત બે ઉદાહરણનો ગુજરાતી અનુવાદ હું નીચે મુજબ કરું છું.

સ્નેહાળ સખીઓના જળના પરિહાસના રસથી વ્યાપ્ત એવાં રમ્ય શિરીષનાં ફૂલોના ઘાતથી પણ જે શરીર પીડા પામે છે તે (માલતીના) શરીરના ઉપર, તેનો નાશ કરવા માટે શસ્ત્ર ઊંચકનારા તારા (અઘોરઘંટના) મસ્તક ઉપર આ અનવસરે યમદંડ જેવો આ મારો (માધવનો) હાથ પડો.

વ્રજની વનિતાઓરૂપ વસન્તલતાને વિષે વિલાસ કરતા ભ્રમર જેવા વિનમ્ર જનોની અભિલાષાઓને (પૂર્ણ કરનારા) કલ્પવૃક્ષ (જેવા) તેમજ વિભુ (પ્રભુ) મધુસૂદનને કોઇક પુણ્યશાળી કવિ મનોહર પદોની શ્રેણિવડે રચાયેલા 'નર્દટક'થી આનંદિત હૃદયે સ્તવે છે.

કવિ ધનપાલના બંધુ શોભન મુનીશ્વરે **સ્તુતિ-ચતુર્વિંશતિકા** રચી છે. એમાં **મુનિસુવ્રતસ્વામી** અંગેનો ચાર પદ્યનો ગુચ્છક અત્ર પ્રસ્તુત છે, કેમકે એ **અવિતથ** યાને 'નર્કુટક' છંદમાં રચાયેલો છે, એથી એ હું અહીં નીચે મુજબ રજૂ કરું છું :-

૧ 'નર્કુટક' એવો ઉલ્લેખ **વૃત્તરત્નાકર** તેમજ સવૃત્તિક હૈમ**છન્દોનુશાસન**ની મુદ્રિત આવૃત્તિ સિવાય અન્યત્ર છે ? એ વૃત્તિની અન્ય હાથપોથીઓ તેમજ જયદેવની કૃતિ તપાસવી ઘટે, કેમકે કેટલાક નર્કુટકને બદલે 'નર્દટક'નો ઉલ્લેખ કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" जिनमुनिसुव्रतः समवताज्जनतावनतः
स मुदितमानवा धनमलोभवतो भव्रतः ।
अवनिविकीर्णमादिषत यस्य निरस्तमनः-
समुदितमानबाधनमलो भवतो भवतः ॥१॥

प्रणमत तं जिनव्रजमपारविसारिरजो-
दलकमलानना महिमधाम भयासमरुक् ।
यमतितरां सुरेन्द्रवरयोषिदिलामिलनो-
दलकमला ननाम हिमधामभया समरुक् ॥२॥

त्वमवनताङ्जिनोत्तमकृतान्त ! भवाद् विदुषो-
ऽवसदनुमानसङ्गमन ! याततमोदयितः ।
शिवसुखसाधकं स्वभिदधत् सुधियां चरणं
वसदनुमानसं गमनयातत ! मोदयितः ॥३॥

अधिगतगोधिका कनकरुक् तव गौर्युचिता-
ङ्कमलकराजि तामरसभास्यतुलोपकृतम् ।
मृगमदपत्रभङ्गतिलकैर्वदनं दधती
कमलकरा जितामरसभाऽस्यतु लोपकृतम् ४॥

આ ચારે પદ્યો 'નર્કુટક' છંદમાં છે. એ દરેકમાં બીજું અને ચોથું ચરણ સમાન છે. એ દુર્ગમ પદ્યોનો ગુજરાતી અનુવાદ હું નીચે મુજબ કરું છું:—

(દીક્ષા-ગ્રહણની તીવ્ર અભિલાષા રાખતા હોવાથી) લોભ રહિત બનેલા એવા તેમજ જેમના પૃથ્વી ઉપર ઢગલા કરેલા ધનને હર્ષિત મનુષ્યોએ (એક વર્ષ પર્યંત) ગ્રહણ કર્યું તે તીર્થંકર મુનિસુવ્રત (સ્વામી) કે જેમને જન-સમાજે નમન કર્યું છે તેમજ વળી જેમણે મનમાં ઉદ્ભવેલા (અથવા એકત્રિત થએલા) એવા અહંકારનો, પીડાનો અને (કર્મરૂપી) મલનો નિરાસ કર્યો છે, તે (વીસમા તીર્થંકર) (હે ભવિક-જનો!) તમારું સંસારથી રક્ષણ કરો -૧

અપાર તેમજ પ્રસરણશીલ (અર્થાત્ દૂર દેશ પર્યંત પ્રસાર પામવાના સ્વભાવવાળાં) એવાં રજ તેમજ પત્રોવાળાં કમળના સમાન (સુગંધી) મુખ-વાળી, રોગ-રહિત તથા પૃથ્વીને વિષે (નમનાર્થે) આળોટવાથી જેના કેશમાં મલિનતા પ્રાપ્ત થઈ છે એવી, તેમજ ચન્દ્રની કાન્તિના સમાન કાન્તિવાળી શચી (ઇંદ્રાણી)એ જે જિનસમૂહને અત્યંત (ભક્તિ-પૂર્વક) નમસ્કાર કર્યો, તે મહિમાના ધામરૂપ તેમજ ભયનો ક્ષય કરનારા એવા જિનસમૂહને (હે મોક્ષા-ભિલાષી જીવો!) તમે પ્રણામ કરો. -૨

હે જિનેશ્વરના સિદ્ધાન્ત! જેને વિષે ઉત્તમ (અથવા વિદ્યમાન) અનુમાનની (અને ઉપલક્ષણથી અન્ય પ્રમા-ણોની પણ) સંગતિ છે એવા હે (જૈન શાસન)! હે આલાપક અને નયથી વિસ્તીર્ણ (આગમ)! હે પ્રમોદ-કારી (શાસ્ત્ર)! (મોહરૂપી યાને અજ્ઞાનરૂપી) અંધકાર જેમનો ગયો છે એવા (મુનિવરોને) પ્રિય તથા પંડિતોના મનને લક્ષ્ય કરીને વસનારા તેમજ શિવસુખના સાધક એવા ચારિત્રનો પ્રકાશ કરનારો તું (જિન-પ્રરૂપિત સિદ્ધાન્ત!) અત્યંત નમ્ર એવા વિદ્વાનોનું (ચોર્યાસી લાખ યોનિઓમાં પરિભ્રમણરૂપ) સંસારથી રક્ષણ કર. -૩

(૧) ગોધિકા (રૂપી દેવ-વાહન) જેને મળ્યું છે એવી, વળી (૨) કનક સમાન કાન્તિવાળી, તથા (૩) [(૧) સુવર્ણના સમાન પ્રભાવાળા], (આ) કસ્તૂરીનાં પત્રોની રચના વડે ઉપલક્ષિત એવાં તિલકોને યોગ્ય લાંછનોથી મંડિત. (ઇ) તેમજ (ભ્રકુટી, વાંકડિયા) કેશ-(ઇત્યાદિ) વડે શોભાયમાન એવા તથા (ઈ) કમળના જેવી કાન્તિવાળા અને (ઉ) વળી (સ્વસ્તિકના સંવિભા-ગાદિકે કરીને) અનુપમ ઉપકાર જેણે કર્યો છે એવા [અથવા અનુપમ (હીરા, મોતી વગેરેના) અલંકારો જેને વિષે છે એવા] (અકારાદિ પાંચ વિશેષણોથી વિશિષ્ટ) મુખને ધારણ કરનારી, તથા વળી (૪) જેના હસ્તમાં કમળ છે એવી [અથવા કમળના સમાન હસ્ત-વાળી], અને વળી (૫) પોતાના નેપથ્ય, સૌન્દર્ય ઇત્યાદિ વડે સુરની સભાને જેણે પરાસ્ત કરી અર્થાત્ નિષ્પ્રભ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બનાવી છે એવી (પાંચ વિશેષણોથી વિશિષ્ટ) **ગોરી** (દેવી) (હે મુમુક્ષુ જન!) તારા વિનાશ કરનારા (અભ્યન્તર શત્રુઓ)નો નાશ કરો. –૪

વિષય, છંદ અને યમકની દૃષ્ટિએ લગભગ સર્વાંશે, **શોભનસ્તુતિના** અનુકરણરૂપ **ઐન્દ્રસ્તુતિ** ન્યાય-વિશારદ ન્યાયાચાર્ય યશોવિજયગણિએ રચી છે, એનાં નિમ્નલિખિત ચાર પદ્યો 'નર્કુટક' છંદમાં છે:—

**"तव मुनिसुव्रत ! क्रमयुगं ननु कः प्रतिमा–**
**वनघन ! रोहितं नमति मानितमोहरणम् ।**
**नतसुरमौलिरत्नविभया विनयेन विभ–**
**वनघ ! नरो हितं न मतिमानितमोहरणम् ।१।**

**अवति जगन्ति या शुभवती मयि पारगता–**
**वलि ! तरसेहितानि सुरवारसभाजितया ।**
**दिशतु गिरा निरस्तमदना रमणीहसिताऽ–**
**वलितरसे हितानि सुखा रसभाजि तया ॥२॥**

**यतिभिरधितमहितमतं नयवज्रहता–**
**घनगमभङ्गमानमरणैरनुयोगभृतम् ।**
**अतिहितहेतुतां दधदपास्तभवं रहितं,**
**घनगमभङ्गमानम रणैरनु योगभृतम् ॥३॥**

**वितरतु वाञ्छितं कनकरुक् भुवि गौर्ययशो–**
**हृदिततमा महाशुभविनोदिविमानवताम् ।**
**रिपुमदनाशिनी विलसितेन मुदं ददती**
**हृदि ततमामहाऽऽशु भविनो दिवि मानवताम्।**

**શોભન–સ્તુતિનો** મારો ગુજરાતી અનુવાદ પ્રસિદ્ધ થયાને ત્રીસ વર્ષો થયાં છતાં એની અપ્રતિમ પ્રતિકૃતિરૂપ **ઐન્દ્રસ્તુતિનો** ગુજરાતી અનુવાદ કોઈએ તૈયાર કરી એ પ્રકાશિત કર્યો હોય એમ જાણવામાં નથી. આથી હાલ તુરત તો ઉપર્યુક્ત ચાર પદ્યોને ગુજરાતી અનુવાદ કરું છું, અને પ્રકાશન માટે યોગ્ય પ્રબંધ થશે તો સમગ્ર **ઐન્દ્રસ્તુતિ શોભન-સ્તુતિની** જેમ ટીકાઓ, અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ સહિત રજૂ કરવા વિચાર રાખું છું.

હે પ્રતિમારૂપ વનને વિષે મેઘ (સમાન) પ્રભુ! હે પાપથી રહિત **મુનિસુવ્રત** (સ્વામી)! કયો બુદ્ધિ-શાળી પુરુષ, વિનયથી પ્રણામ કરતા દેવોના મુગટોનાં રત્નોની પ્રભાવડે લાલ બનેલા, અભિમાની (જનો)ના (અજ્ઞાનરૂપ) અંધકારને હરનારા, હિતકારી તેમજ મોહરૂપ સંગ્રામનો નાશ કરનારા, એવા તારા ચરણ-યુગલને ખરેખર નમતો નથી?–૧

હે સંસારનો પાર પામેલા(તીર્થંકરો)ની શ્રેણિ! જે (શ્રેણિ) ત્રણે જગતોનું રક્ષણ કરે છે, જે કલ્યાણ-કારી છે, જેણે કામદેવનું કાસળ કાઢ્યું છે તેમજ જે સુંદર ધ્વનિથી યુક્ત છે તે શ્રેણિ દેવોના સમૂહવડે પૂજાયેલી તે વાણીવડે રસથી યુક્ત તથા રમણીઓએ હસી કાઢેલા પરંતુ જતા નહિ રહેલા એવા રસવાળા મારે વિષે ઇચ્છિત કલ્યાણોને સત્વર અર્પો.—૨

નયરૂપ વજ્રવડે પાપરૂપ પર્વતનો નાશ કરનારા, અનુયોગથી પરિપૂર્ણ, અતિશય કલ્યાણના કારણને ધારણ કરતા એવા, ભવના વિનાશક, રણો (સંગ્રામો)થી રહિત, પુષ્કળ ગમ અને ભંગોથી યુક્ત, યોગથી ભરપૂર તેમજ ભંગ, અભિમાન અને મરણથી મુક્ત એવા મુનિવરોએ વડ–ગમા લઇને જેનું અધ્યયન અને પૂજન કર્યું છે એવા મત (સિદ્ધાન્ત)ને તમે નમન કરો.—૩

સુવર્ણના જેવી કાંતિવાળી, અપકીર્તિને હરનારી, (અજ્ઞાનરૂપ) અંધકારથી મુક્ત, શત્રુઓના મદનું મર્દન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આબૂ તીર્થ

લેખાંક : ૨

મુનિરાજશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી)

દેલવાડામાં ૫ દેરાસર છે, તેમાંના વિમલવસહિ તથા લૂણિવસહિનું વર્ણન પહેલાં આવી ગયું છે.

## ૩. મહાવીરસ્વામીનું દેરાસર

વિમલવસહિની બહાર હસ્તિશાલા પાસે ભગવાન મહાવીરસ્વામીનું દેરાસર છે, જે વિક્રમની અઢારમી શતાબ્દીના પ્રારંભમાં બન્યું છે.

## ૪. પિત્તલહરનું મંદિર

સંભવત: કુંભલમેરુ દુર્ગના શેઠ ભીમાશાહ પોરવાડે દેલવાડામાં ભ૦ આદિનાથનું દેરાસર બનાવ્યું અને ૫૧ આંગળની પ્રતિમા બનાવવા પિત્તળનો રસ તૈયાર કર્યો. પાલનપુરના શેઠ ધનાશાહે તેમાં પોતાનો ભાગ રાખવા વિનંતિ કરી. ભીમાશાહના ઇન્કાર થવાથી તેણે હાથમાં સોનું છુપાવી લાવી ભઠ્ઠી પર જ તે રસમાં મેળવી દીધું. પ્રતિમાજી તૈયાર થઈ પણ ભીમાશાહ મરણ પામ્યો. એટલે...ચંડસિંહ પોરવાડના પુત્ર સં૦ પેથડશાહે પોતાના ગોત્ર બંધુના એ કાર્યને પૂરું કરવાની ભાવનાથી એ પ્રતિમાને સોનાથી રસાવી મજબૂત બનાવી, પણ કુંભલમેરુના તપાગચ્છ સંઘને વિચાર આવ્યો કે મુસલમાની હુમલા ચાલુ છે તો પ્રતિમાજીની રક્ષા નહીં થાય માટે તેને હાલ આબૂ પર ન સ્થાપવી. સંઘે કુંભલગઢમાં જ ચોમુખનું મંદિર બનાવ્યું અને સં. ૧૫૧૮ પહેલાં આ પ્રતિમાજીને બેસાડ્યા. અને બાકીની ત્રણ દિશાઓમાં બીજાં પ્રતિમાજી બેસાડ્યાં. આ પ્રતિમાઓ સોનાવાળી હોવાથી કાળી પડતી નથી.

ત્યારબાદ અમદાવાદના મહમ્મુદ બેગડાના રાજ-માન્ય પ્રજામાન્ય દિવાન **સુંદરજી** તથા દિવાન **ગદા** શ્રીમાળીએ સં. ૧૫૨૫માં આબૂજીમાં મોટા યાત્રાસંઘ સાથે આવી આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ૧૦૮ મણની ભ૦ ઋષભદેવની ધાતુપ્રતિમા તૈયાર કરાવી તપાગચ્છના આ૦ લક્ષ્મીસાગરસૂરિના હાથે સં૦ ૧૫૨૫માં તે પ્રતિમાની અંજનશલાકા કરાવી આ મંદિરમાં પધરાવી છે.

મંત્રી ગદાધરના પુત્ર **શ્રીરંગે** પણ સં. ૧૫૨૫ માં અહીં ઘણી પ્રતિમાઓ ભરાવી છે. ત્યાર બાદ સં. ૧૫૩૧ માં અહીં બન્ને ગોખલાની અને સં. ૧૫૪૭ સુધી બીજી દેરીઓની પ્રતિષ્ઠા થઈ છે. અહીં કુલ ૨૦ દેરીઓ છે.

આ દેરાસરમાં પિત્તલની પ્રતિમાઓ છે તેથી આ મંદિર પિત્તલહર મંદિર અને ભીમાશાહનું મંદિર કહેવાય છે.

---

કરનારી, [1]રોગ દૂર કરનારી, અભિમાન તેમજ મોટા અને શુભ વિનોદથી યુક્ત એવા વિમાનોના સ્વામી-(દેવો)ના હૃદયને ક્રીડા દ્વારા સ્વર્ગલોકમાં આનંદ આપતી એવી **ગૌરી** (દેવી) પૃથ્વીને વિશે ભવ્ય (જનો)ને [2]વિસ્તૃત વાંછિત સત્વર સમર્પો.—૪

---

૧–૨ '**ततमामहा**'ને એક પદ ગણતાં એનો અર્થ 'વિસ્તૃત લક્ષ્મી અને ઉત્સવથી યુક્ત' એવો કરાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિત્તલહર મંદિરની બહાર **મણિભદ્ર** વીરનું મંદિર છે. **સુરહિ** લેખ છે. સતાનો **પાળીઓ** છે અને સં. અમુનો લેખ છે.

(ઉપદેશતરંગિણી, અર્બુદ પ્રાચીન લેખસંદોહ લે. નં. ૪૬૭)

## ૫ – ચૌમુખનું મંદિર

આ ૩ માળનું મંદિર છે. દરેક માળે ચાંમુખ-પ્રતિમા બિરાજમાન છે. દરડા ગોત્રના શા. મંડલિક ઓસવાળે તથા તેના પરિવારે સં. ૧૫૧૫માં આ મંદિરમાં આ. જિનચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવેલ છે.

સંભવ છે કે-આ મંદિરના નિર્માણમાં વિમલ-વસહિ અને લૂણિગવસહિનો બચત માલ વપરાયો હશે. સલાવટોએ પણ કૈંક અવૈતનિક કામ કર્યું હશે અને સ્તંભો બનાવ્યા હશે. આથી આ મંદિર **સલાવટનાં મંદિર** તરીકે પણ ઓળખાય છે. બે ત્રણ થાંભલામાં સલાવટોનાં નામ ખોદેલાં મળે છે પણ એટલા પરથી આને સલાવટનું મંદિર કહેવું તે વ્યાજબી નથી.

આ મંદિરનાં ચૌમુખજી, ખરતરવસહિ અને સલાવટનું એમ ત્રણ નામો બોલાય છે.

## ઓરિયા

આબૂ ઉપર દેલવાડાથી ઇશાન કોણમાં ૩ માઈલ દૂર **ઓરિયા** ગામ છે. અહીં નાનું જિનાલય છે. તેમાં પંદરમી સદીમાં ભ૦ શાંતિનાથની પ્રતિમા વિરાજમાન હતી. આજે ભગવાન આદિનાથ વિરાજે છે.

**અચળગઢ**–અહીં ૪ દેરાસર છે.

## ૧ ચૌમુખજીનું મંદિર

સંઘવી **રતનજી** અને સં૦ **ધરણા** એ સરહડિયા ગોત્રના **પોરવાડ** હતા. તેઓના વંશમાં અનુક્રમે સં૦ રતનજી, સં૦ સાલિગ અને સં૦ **સહસા** થયા છે. સં૦ સહસા માંડવગઢના બાદશાહ **ગ્યાસુદીનનો** દિવાન હતો. તેણે તપગચ્છના આ૦ **સુમતિસુંદર**-સૂરિના ઉપદેશથી સં૦ ૧૫૫૪માં શિરોહીના રાજા જગમાલ (સં૦ ૧૫૪૦ થી ૧૫૮૦)ના રાજ્યકાળ-માં અચળગઢના મોટા શિખર ઉપર ચૌમુખજીનાં એ દેરાસરનો પાયો નાખ્યો, ભવ્ય પ્રાસાદ તૈયાર થયો. આથી સં૦ સહસાની પત્ની મહં૦ સંસારદે, પત્ની અનુપમાદે, પુત્રો ખીમરાજ, દેવરાજ, પૌત્રો જયમલ, મનજી વગેરે પરિવાર તથા આ૦ **જયકમલસૂરિ** વગેરે ચતુર્વિધ યાત્રા સંઘ સાથે અહીં આવ્યો. તેણે તે મંદિરમાં ઉત્તરની ગાદીએ સં૦ ૧૫૬૬ ફા. શુ. ૧૦ ને દિવસે તપાગચ્છ કમલકલશ શાખાના આ૦ જયકમલસૂરિના હાથે ભ૦ ઋષભદેવની પ્રતિમા ભરાવી પધરાવી છે.

સં. ૧૫૧૮ વૈ. શુ. ૪ શનિવારે સં. ૧૫૨૯ વૈ. શુ. ૪ શુક્રવાર આ૦ **લક્ષ્મીસાગરસૂરિના** હાથે ડુંગરપુરમાં મહાઅંજનશલાકાઓ થઇ છે જેમાં ડુંગરપુર કુંભલમેરુ વગેરેના મંત્રી **સાલ્હા** વગેરે સંઘે ઘણી જિનપ્રતિમાઓ ભરાવી હતી.

સં૦ સહસાએ તેમની પ્રતિમાઓ લાવી અહીં ચૌમુખજીની બીજી ત્રણ ગાદીએ વિરાજમાન કરાવી છે અને છૂટા છૂટા સ્થાનોમાં પોતાની અંજનશલાકાવાળી પ્રતિમાઓ મંત્રી સહસાએ અહીં બેસાડી છે. સંઘ-ભક્તિ કરી યાચકોને ખુશ કર્યા અને વિવિધ રીતે તીર્થપ્રભાવના કરી છે જેમાં પાંચ લાખ વાપર્યા છે.

આ દેરાસર બાદશાહના દિવાનનું છે તેથી લોકો આને બાદશાહનું મંદિર કહે છે. અહીં બીજી એવી પણ લોકવાયકા છે કે મેવાડના રાણા **કુંભાજીના** દિવાને આ મંદિર બનાવ્યું છે. રાણો પોતાના અચળગઢના રાજમહેલમાં બેસી ચૌમુખજીનાં દર્શન કરતો હતો.

સં. રતનાના પુત્ર સં. સોનાનો પુત્ર સં. **આશા** પણ આ યાત્રાસંઘમાં સાથે હતો. તેણે આ પ્રતિષ્ઠાનો ઉત્સવ કરાવ્યો હતો.

ચૌમુખજીની ૪ પ્રતિમાઓ પિત્તલ સોનાનાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મિશ્રણથી બનેલી છે. ૧૪૪૪ મણની છે. દર્શકો તેને સાવ સોનાની બનેલી માને છે.

(ગુરુગુણરત્નાકરકાવ્ય, સ૦ ૩જો, અચળગઢના શિલાલેખો)

અહીં સં. ૧૮૮૮ મા. શુ. ૫ સોમવારે પં૦ રૂપવિજયજી ગણીએ પ્રતિષ્ઠા કરેલ ગુરુમંડલ છે. જેમાં વચ્ચે શ્રી જંબૂસ્વામીની અને ૮ દિશાઓમાં આ. વિજયદેવસૂરિ વગેરે ૮ પટ્ટનાયકોની પાદુકાઓ છે.

## ૨. ઋષભદેવનું મંદિર

અમદાવાદના શેઠ **શાંતિદાસ** શ્રીમાલીએ મૂલનાયક ભ૦ ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી છે, ભમતીમાં ૨૪ દેરીઓ છે. અહીં સરસ્વતીદેવી તથા ચક્રેશ્વરીની મૂર્તિઓ પણ છે.

## ૩. કુંથુનાથનું મંદિર

તપગચ્છના આ. **લક્ષ્મીસાગરસૂરિ**એ સં૦ ૧૫૨૩ વૈ. શુ. ૮ અંજનશલાકા કરેલ ભ૦ કુંથુનાથની મનહર ધાતુપ્રતિમા મૂલ ગાદી પર બિરાજમાન છે.

અહીં પાસે જ જૈન કારખાનું છે, તેની ગાદીની છત્રી પાસે ૩ ઘોડેસ્વાર મૂર્તિઓ છે જે ડુંગરપુરમાં બની છે. તેઓનું વજન અઢી મણ છે. કિંમત ૧૦૧ મહમ્મુદી લાગેલ છે તેમાં એક કલંકીના પુત્ર **ધર્મરાજા દત્ત**ની છે જેને ચૌમુખજીના ભક્ત શા પન્નાના પુત્ર **શાર્દુલે** સં. ૧૫૬૬ મા. શુ. ૧૫ બનાવી છે. બીજી બે મૂર્તિઓ શિરોહીના રાજા **જગમાલ**ની છે જેને શિરોહીના દેરાસરના પૂજારીએ સંવત ૧૫૬૬માં બનાવી છે.

## ૪–શાંતિનાથજીનું મંદિર (કુમારવિહાર)

અચળગઢની તળાટીનું અચલેશ્વરનું મંદિર તથા અચળગઢની પગથીથી જમણી બાજુની ટેકરી પરનું રાજા કુમારપાળનું મંદિર–આ બંને અંગે જુદાજુદા છતાં એક સૂચનાવાલા અનેક ઐતિહાસિક ઉલ્લેખો મળે છે જેમાંથી બે મુદ્દાઓ તારવી શકાય છે.

૧. પહેલી ઘટના એ છે કે આબૂના રાજા **અરણ્યરાજ** પરમારે અચલપાર્શ્વનાથનાં મંદિરનું અચલેશ્વરનું મંદિર બનાવ્યું અને સં. ૧૦૧૧ માં પાલનપૂર વસાવી ત્યાં પલ્લવિયાપાર્શ્વનાથનું દેરાસર બનાવ્યું.

૨. બીજી ઘટના એ છે કે–રાજા પ્રલ્હાદન પરમારે અચળગઢના જિનાલયની જિનપ્રતિમાને ગળાવી તેનો નંદી બનાવ્યો અને સં. ૧૨૭૪ની આસપાસમાં પાલનપુર વસાવી ત્યાં પલ્લવિયા પાર્શ્વનાથનું દેરાસર બનાવ્યું.

[આ માટે જૈન પરંપરાનો ઇતિહાસ પ્ર૦ ૬૫ તથા ૬૬માંથી વિશેષ જાણવું.]

અચલેશ્વરના દેવળમાં આજે શિવલિંગ છે, શિલાલેખોથી જાણવા મળે છે કે મંત્રી **વસ્તુપાલે** સંવત ૧૨૯૦માં આ દેવળનો જીર્ણોદ્ધાર કરાવ્યો, સંવત ૧૪૬૪નો પોઢિયો છે. સં. ૧૬૮૬ની કવિ દુરાશા ચારણની મૂર્તિ છે.

દેવળની બાંધણી, પ્રદક્ષિણાની ભમતી અને પબાસન વગેરે વગેરે અસલમાં આ જૈન દેરાસર હશે એમ પુરવાર કરે છે. લોકો અસલી ઘટનાને ભૂલી ગયા અને એક જૈન મંત્રીએ તેનો જીર્ણોદ્ધાર કર્યો એટલી એ પુરાણી ઘટના છે. અહીં એક યુગમાં **નંદીવર્ધન તીર્થ** હતું. માત્ર એવી નોંધો પણ પટાવલીઓમાં કવચિત લખેલી મળતી હતી. શ્રી દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી આ દેવળના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે કે–"અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે. આ મૂળ **જૈન મંદિર** હતું એવું અનુમાન થાય છે."

(અચળગઢનો લેખ ગુજરાત માસિક વ. ૧૨, અં. ૨; આત્માનંદ પ્રકાશ વર્ષ ૫૩, અં. ૬–૭)

વાચક વિનયશીલ લખે છે કે રાજા પ્રલ્હાદને રાજા કુમારપાલના ભગવાન શાંતિનાથજીના જિનચૈત્યની ૩ જિનાપ્રતિમાઓને ગાળી નંદી બનાવ્યા, આથી તેને કોઢ થયો.

(વા. વિનયશીલ અને વા. પ્રેમચંદનું ચૈત્ય યાત્રા સ્તવન)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અચલેશ્વર અને કુમારવિહાર અંગેના આ ઉલ્લેખો પાલનપુરનો ઇતિહાસ સર્જે છે. પણ તે બન્નેમાં વાસ્તવિક ઘટના કઇ છે તે વિષયના અભ્યાસીઓ જ તેનો નિર્ણય લાવે એ ઇચ્છિવાજોગ છે. અસ્તુ.

આજે કુમારવિહાર અચલગઢમાં શાંતિનાથજીના દેરાસર તરીકે વિધમાન છે.

અહીં મૂલનાયકની ગાદી પર પ્રથમ ભ. નેમિનાથજીની પ્રતિમા હતી. સં. ૧૩૮૦ પછી ભ. મહાવીરસ્વામીની પ્રતિમા વિરાજમાન રહી હતી. અને આજે ભગવાન શાંતિનાથજીની પરિકરવાલી પ્રતિમા વિરાજમાન છે.

આ. જિનપ્રભસૂરિએ તીર્થકલ્પમાં, આ. સોમસુંદરસૂરિએ અર્બુદકલ્પમાં તથા આ. જ્ઞાનવિમલસૂરિએ સં. ૧૭૫૫ ની તીર્થમાળામાં અહીં ભ. મહાવીરસ્વામીનું મંદિર બતાવ્યું છે અને સં. ૧૮૭૯ ની એક અપ્રકટ તીર્થમાળામાં અહીં ભ. શાંતિનાથનું ચૈત્ય બતાવ્યું છે. એટલે સમજી શકાય છે કે કુમારવિહારમાં મૂલનાયકની જિનપ્રતિમાઓનો ઉપર મુજબ ફેરફાર થયો છે.

એકંદરે આબૂ ઉપર દેલવાડા, ઓરિયા અને અચળગઢ ઉપર ૧૦ જૈન મંદિરો છે. આ સિવાય ગુરુશિખર, કુંડો, ગુફાઓ, આશ્રમો, શિવાલયો વગેરે ઘણા દર્શનીય સ્થાનો છે.

આબૂ એ જૈન અજૈન તીર્થધામ છે.

## ઐતિહાસિક સાધનો

પૂ૦ જયન્તવિજય મહારાજનો આબૂલેખસંદોહ, વિમલવસહિના સં૦ ૧૨૦૧, સં૦ ૧૩૫૦, સં૦ ૧૩૭૮ વગેરે પ્રતિમાલેખો, લૂણિગવસહિના સં૦ ૧૨૮૭ વગેરેના શિલાલેખો, પ્રતિમાલેખો, કવિવર ધનપાલની તિલકમંજરી, ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિનું સં૦ ૧૨૧૬નું દ્વાશ્રય મહાકાવ્ય, તેની ટીકા, રાજા કુમારપાલનો ચિત્તોડનો કિલ્લામંદિરનો સં૦ ૧૨૦૮ નો શિલાલેખ, આ૦ જયસિંહસૂરિનું સં૦ ૧૨૮૫નું હમ્મીરમદમર્દન, પં૦ અરિસિંહનું સુકૃતસંકીર્તન, આ૦ ઉદયપ્રભનું સં૦ ૧૨૯૦નું સંઘપતિચરિત્ર; એ જ આચાર્યની સુકૃતકલ્લોલિની, કવિ પાલ્હણનો ૧૨૮૯નો આબૂરાસ, આ૦ બાલચંદ્રસૂરિનો સં૦ ૧૨૯૬નો વસંતવિલાસ, આ૦ મેરુતુંગનો સં૦ ૧૩૬૧નો પ્રબંધચિંતામણી, આ૦ રાજશેખરનો સં૦ ૧૪૦૫નો પ્રબંધકોશ, આ૦ મુનિસુંદરસૂરિની સં૦ ૧૪૬૬ ની ગુર્વાવલી, આ. સોમસુંદરનો સં. ૧૪૮૦નો અર્બુદકલ્પ, ઉપા૦ જિનમંડનનો સં, ૧૪૯૨નો કુમારપાલપ્રબંધ, પં. જિનહર્ષનું સં. ૧૪૯૭નું વસ્તુપાલચરિત્ર, પં. રત્નમંદિર ગણિવરની સં. ૧૪૯૭ ની ઉપદેશતરંગિણી, પં. સોમચરિત્ર ગણીનું ગુરુગુણરત્નાકર કાવ્ય સં. ૧૫૪૧, પં. દેવવિમલ ગણીનું સં. ૧૬૫૬નું હીરસૌભાગ્ય સટીક કાવ્ય, પં. કુલસાગરનો સં. ૧૬૬૨નો ઉપદેશસાર, કવિવર લાવણ્યસમયનો વિમલપ્રબંધ વગેરે અનેક ગ્રંથોમાં આબૂનું ઐતિહાસિક વર્ણન છે.

મી૦ ફર્ગ્યુસનના પીકચર્સ ઇલસ્ટ્રેશન ઓફ ઇન્નોસેંટ આર્કીટેકચર ઇન ઇન્ડિયા, હીસ્ટ્રી ઓફ ઇન્ડિયન આર્કીટેચરમાં, કર્નલ જેમ્સ ટોડના ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયામાં, ફાર્બસ સાહેબની ફાર્બસ રાસમાલામાં, ગૌરીશંકર હીરાચન્દ ઓઝાના સિરોહી રાજ્યકા ઇતિહાસ તથા રાજપૂતાનેકા ઇતિહાસ ખં. ૧, પૃ. ૧૯૩માં, હાવેલનું એન્શીઅન્ટ એન્ડ મીડીયસ આર્કીટેકચર ઓફ ઇંડિયામાં, ગજાનન વિશ્વનાથ પાઠકનો ગુજરાતનું સ્થાપત્ય નિબંધમાં, દુર્ગારામ કેવલરામ શાસ્ત્રીનો મારૂં ગુજરાત તીર્થસ્થાનોમાં તથા ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ભા. ૨, પ્ર. ૧૧ પૃ. ૨૨૪, પરિશિષ્ટ ૧લું પૃ. ૪૪૮ વગેરેમાં આબૂના જૈન મંદિરો અંગે ઘણું સરસ વર્ણન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય સત્કાર

## શ્રી ધર્મસંગ્રહનું ગુજરાતી ભાષાન્તર

પહેલો ભાગ: પ્રકાશક શાહ અમૃતલાલ જેસીંગભાઇ કાળુપુર-જહાપનહની પોળ, અમદાવાદ. ક્રાઉન ૮ પેજી પૃષ્ઠ ૭૪૦, મૂલ્ય રૂા. ૮. આવૃત્તિ બીજી

સં. ૧૭૩૧ માં એટલે ત્રણસો વરસ પૂર્વે આ ગ્રંથની રચના શ્રી વિજયાનન્દસૂરીશ્વરજીના શિષ્યરત્ન પં. શાન્તિવિજય ગણિવરના શિષ્યરત્ન મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર્યે કરી છે. આ મહામૂલા ગ્રંથનું ભાષાંતર આ. શ્રી વિજયમનોહરસૂરીજીના શિષ્ય મુનિરાજશ્રી ભદ્રંકરવિજયજી મહારાજે કરી, આ યુગને એક અતિ ઉપયોગી ગ્રંથની ભેટ ધરી છે.

સં. ૧૭૩૧માં આ ગ્રંથ રચાયેલો છે તેને અર્વાચીન માની અવગણવાની જરૂર નથી, કારણ કે કર્તા મહાશયે પ્રાચીન ગ્રન્થકારોના સેંકડો ગ્રંથોના હાર્દને સમજી તેનો આ અપૂર્વ ગ્રંથમાં સમાવેશ કર્યો છે, જેથી આગમોદ્ધારક સ્વ. આચાર્ય મહારાજશ્રી સાગરાનંદસૂરિજી મહારાજે આ ગ્રથને "ગ્રંથરાજ" તરીકે સંબોધી વધાવી લીધો હતો.

આ ગ્રંથની એક અતિ વિશિષ્ટતા એ છે કે-કર્તા મહાશયના સમકાલીન પૂ. ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજે આ ગ્રંથનું સંશોધન તેમજ સંયોજના કરી છે, જે આ ગ્રંથને માટે 'મહોરછાપ" રૂપ છે.

આ વિરલ ગ્રંથમાં આત્મગુણનો વિકાસ કયા કયા ક્રમથી અને કેવા કેવા સાધનોથી સાધી શકાય તેનું વીરલ તેમજ સ્પષ્ટ નિરૂપણ હોવા ઉપરાંત શ્રાવકપણાના માર્ગાનુસારીપણાના ગુણો. સમકિતના ૬૭ પ્રકારો, શ્રાવકોના બાર વ્રતો અને તેનું વિસ્તૃત વિવરણ, શ્રાવકની ત્રિકાળની દિનચર્યા વિગેરે અનેક વિષયોનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે એટલે ટૂંકમાં આ ગ્રંથરાજ માટે કહેવું હોય તો એમ કરી શકાય કે આ ગ્રંથ **શિક્ષકોનો પણ શિક્ષક છે તેમજ ગુરુઓનો પણ ગુરુ છે.**

આ ગ્રંથને છેડે પારિભાષિક શબ્દોનો અર્થ આપી એક ઉપયોગી સામગ્રી રજૂ કરવામાં આવેલ છે. ઈતર વાચકો પણ આપણા પારિભાષિક શબ્દોનો સ્પષ્ટાર્થ સહેલાઇથી સમજી શકે તે માટે આવા મહત્ત્વના પ્રકટ થતાં પુસ્તકોમાં આવી પદ્ધતિ રાખવી તે ઇચ્છનીય છે.

જ્યારે આજના વિષમ વાતાવરણમાં શુદ્ધ શ્રાવક તરીકેના જીવનમાં ઓટ આવી રહ્યો છે ત્યારે આવા મહત્ત્વના ગ્રંથનું ગુજરાતી ભાષામાં થતું પ્રકાશન વિશેષ આદરપાત્ર છે અને આ ગ્રંથનો બીજો ભાગ પણ સત્વર પ્રકાશિત થાય એમ અમે ઇચ્છીએ છીએ.

## શ્રી પાદરાકરનું સન્માન

સાહિત્યપ્રેમી વયોવૃદ્ધ સાક્ષર શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરની સાહિત્ય-સેવાની કદર રૂપે તેમને થેલી-અર્પણ કરવાનો મેળાવડો કોન્ફરંસના અધિવેશનના અનુસંધાનમાં મુંબઇખાતે અશાડ શુદ ૧ શુક્રવારના રોજ યોજવામાં આવેલ છે. આ સાહિત્ય-સેવકના સન્માનમાં જેમણે પોતાનો ફાળો ન મોકલ્યો હોય તે મોકલી આપે.

## વિદ્યાર્થીનીને સ્કોલરશીપ

માર્ચ ૧૯૫૭ માં લેવાયેલ સેકન્ડ સ્કૂલ સર્ટીફીકેટની પરીક્ષામાં સર્વથી વિશેષ માર્કસ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબૂલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન વિદ્યાર્થીની સ્કોલરશીપ" શ્રી મહાવીર વિદ્યાલય હસ્તક આપવામાં આવશે. અરજીપત્રક મહાવીર વિદ્યાલયની ગોવાળીયા ટેંક રોડ, મુંબઇ નં. ૨૬ ની ઓફિસેથી મેળવી લઇ તા. ૫ જુલાઈ ૧૯૫૭ પહેલાં મોકલી આપવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# ઉચ્ચ જીવન

❀ સૂતાં પહેલાં આત્મનિરીક્ષણ કરી, કરેલા દોષો માટે તે ફરીથી નહિ કરવાનો દૃઢ સંકલ્પ કરો. આવતી કાલથી હું વધારે સારો થઈશ એવો સંકલ્પ કર્યા પછી ઊંઘી જાઓ. આત્મપરીક્ષા, આત્મસન્માન અને આત્મ-વિશ્વાસ જેણે મેળવ્યાં છે, તેણે પોતાની જાત ઉપર સ્વરાજ્ય મેળવ્યું છે.

❀ ટાઇમટેબલ વિચાર કરી બનાવી તે પાર ઉતારો. એક પુસ્તક રોજ મનન માટે વાંચવાનું રાખો. જેવા વિચાર કરશો તેવા થશો. શાંતિ માટે આત્મજ્ઞાન જોઈએ. આપણી અંદર રહેલો અંતર્યામી આપણને ખોટો વિચાર કરતાં, ખોટે માર્ગે જતાં સૂચનો કરે છે, પણ તેના ઉપર અચળ શ્રદ્ધા નહિ રાખો તો એ કલ્યાણકારી અવાજ તમારાથી સંભળાશે નહિ. ધીમે ધીમે ઊંધે માર્ગે ઊતરી દુર્દશા થશે. એમ છતાં તમે ભૂલ કરી છે એનો પશ્ચાત્તાપ કરશો તો જરૂર એ કરુણાસાગર પતિતપાવન પાછો તમને સન્માર્ગે ચડાવશે અને તમને જીવતાં સ્વર્ગ મળશે, ચિત્તમાં શાંતિ મળશે અને આનંદ પ્રાપ્ત થશે.

❀ ઉત્તમ પુસ્તકો, સુંદર વસ્તુઓ, સુંદર વાર્તાલાપ વગેરે કરતાં તમને આવડવું જોઈએ. બહુશ્રુત થવું. જ્ઞાન મેળવવા માટે કદાપિ અલ્પસંતોષી ન થવું. ઉચ્ચ આદર્શો વગર જીવન તુચ્છ છે. પોતે શાને માટે લાયક છે. તે શોધી કાઢી પહોંચી શકાય અને શકયતા હોય તેવો જીવન-આદર્શ નક્કી કરી તે મેળવવા માટે જંપીને બેસવું નહિ, ભગવાને એક જગ્યા તો તમારે માટે ખાલી રાખી છે. તે તમારા સિવાય કોઈથી પુરાવાની નથી.

❀ શરીર સ્વચ્છ અને વિચારો બળવર્ધક કરો. સારાં કર્મ કરી આપણી ઉપર જેનું ઋણ હોય તે ભરી દેવું. જે કર્મ કરીએ તે નિષ્કામ ફળની આશા વિના કરીએ અને તે કામ ઇશ્વરને અર્પણ કરો. કામ કરવામાં સાથે મળી કામ કરો, પણ જે સંસ્થામાં આપણે સહકાર કરી કામ કરતા હોઈએ તેને અપનાવો. આપણું કર્તવ્ય ન હોય તેવી બાબતમાં કદી માથું ન મારવું. સમયનો સદુપયોગ કરવો.

[ 'સામાન્ય જ્ઞાન 'માંથી ]

મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ-શ્રી આનંદ પ્રીં. પ્રેસ

For Private And Personal Use Only